**આજનો સુવિચાર**

મનની શાંતિનું મુલ્ય સંપત્તિ અને સ્વાસ્થ્ય કરતા ઘણું વધારે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૮૫ જૂનાગઢ તા.૨૮-૩-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## મુખ્યમંત્રી - ગૃહમંત્રી આજે બપોરે બેટ દ્વારકા - હર્ષદની મુલાકાતે આવશે : દરિયાઈ સુરક્ષા મામલે કોઈ બાંધછોડ નહી

ગાંધીનગર તા. ૨૮

ગજરાતનાં દરિયાકાંઠાના વિસ્તારોમાંથીવખતોવખત પકડાતા ડ્રગ્ઝ અને રાષ્ટ્રવિરોધી પ્રવૃતિની આશંકાવચ્ચેછેલ્લા દિવસોમાંદ્વારકા જેવા વિસ્તારોમાં મોટાપાયે ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવી છે. દરીયાઈ સુરક્ષા માટે રાજય સરકાર ઘણી ગંભીર છે જ ત્યારે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ બેટ દ્વારકા અને હર્ષદનો પ્રવાસ ગોઠવ્યો છે. જેને ઘણો સૂચક માનવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ગૃહપ્રધાન હર્ષ સંઘવીની બેટ દ્વારકાની મુલાકાતે આવી રહયા છે. બપોરે હેલીકોપ્ટર મારફત પહોંચીને બેથી ત્રણ કલાકનું રોકાણ કરનાર છે. બેટ દ્વારકાની મુલાકાતની સાથોસાથ યાત્રાધામ હર્ષદ માતાજીના દર્શનાર્થે પણ જનાર છે. ગુજરાતના દરિયાકાંઠેથી છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન સુરક્ષા એજન્સીઓએ મોટી સંખ્યામાં ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યાબાદ દેશના શત્રુઓ અહીંની દરિયાઈ સીમાનો ઉપયોગ કરી સમગ્ર ભારતમાં ડ્રગ્સનું દૂષણ સ્થાપવા માટે પ્રયાસો કરી રહ્યા હોવાનું ખુલ્યું છે. આ સમસ્યા સામે લડવા માટે ગૃહ વિભાગ દ્વારા પહેલીવાર કોસ્ટલ સિક્યુરિટી-ઈન્ટરનલ સિક્યુરિટી રિવ્યુ એન્ડ પર્સપેક્ટિવ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેને સંબોધન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે ગુજરાતમાં એક ગ્રામ ડ્રગ્સ પણ ઘૂસવા દેવાશે નહીં અને આ દૂષણ જેવું માથું ઉંચકશે કે તુરંત જ તેને ડામી દેવા માટે સરકાર અને પોલીસ સજ્જ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આવી સમાજ વિરોધી પ્રવૃત્તિઓનું સ્વરૂપ દરરોજ બદલાતું રહે છે પરંતુ તેની સામે સંપૂર્ણ સજાગતા સાથે ગુજરાત પોલીસ-કોસ્ટલ સિક્યુરિટી એકદમ સજ્જ છે. તેણે વિવિધ વિભાગોના પરસ્પર સંકલનથી વધુ સંગીન અને સુદૃઢ બનાવવામાં આવી છે.

## ૧ એપ્રિલથી જીવન રક્ષક દવાઓ મોંઘી બનશે

### પેઈનકિલર્સ, એન્ટીબાયોટીક્સ દવાઓમાં ૧૨ ટકાનો ભાવ વધારો ઝીંકાશે

નવી દિલ્હી તા. ૨૮ :

દેશમાં મોંઘવારી સતત વધી રહી છે. સામાન્ય માણસ મોંઘવારીના અસહ્ય બોજથી પરેશાન છે.

હવે એપ્રિલથી મોંઘવારીનો વધુ એક ઉછાળો આવવાનો છે. એપ્રિલથી જીવન રક્ષક આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવા જઈ રહ્યો છે. આમાં પેઈનકિલર્સથી લઈને એન્ટીબાયોટિક્સનો પણ સમાવેશ થાય છે. પહેલાથી જ મોંઘવારીથી પરેશાન સામાન્ય માણસના ખિસ્સા પરનો બોજ વધુ વધશે. આ આવશ્યક દવાઓમાં પેઈનકિલર્સ, એન્ટીબાયોટિક્સ, હૃદયની દવાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ દવાઓના ભાવ ૧ એપ્રિલથી વધવા જઈ રહ્યા છે.

## અમેરીકામાં યુવતિએ શાળામાં અંધાધુંધ ગોળીબાર કર્યો ત્રણ બાળકો સહિત ૭ને ઠાર માર્યા : બાઈડને બેઠક બોલાવી

ન્યુયોર્ક,તા. ૨૮ : અમેરિકામાં ફાયરિંગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. આવી જ વધુ એક ઘટનામાં ૩ બાળકો સહિત ૭ લોકોના મોત થયા છે. આ ઘટનામાં અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અંધાધૂધ ફાયરિંગની આ ઘટના અમેરિકાના ટેનેસી રાજયના નેશવિલેમાં એક ક્રિશ્ચિયન સ્કૂલની અંદર બની છે.

આ ઘટનાને ૨૮ વર્ષની યુવતીએ અંજામ આપ્યો છે. પોલીસે ફાયરિંગ કરનાર યુવતીને ઠાર મારી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ફાયરિંગ બાદ બાળકોને સ્થાનિક વેન્ડરબિલ્ટની મોનરો કેરેલ જુનિયર ચિલ્ડ્રન્સ હોસ્પીટલમાં મોકલવામાં આવ્યા હતા.

હોસ્પીટલના પ્રવક્તા જહોન હાઉસરે જણાવ્યું કે, હોસ્પીટલ પહોંચતાની સાથે જ ડોક્ટરોએ ત્રણેય બાળકોને મૃત જાહેર કર્યા હતા. આ સિવાય વધુ ૪ લોકોના મોત થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ જે સ્કૂલમાં ફાયરિંગની ઘટના બની તેમાં કુલ ૨૦૦ બાળકો અભ્યાસ કરે છે.

પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોર યુવતીએ સાઈડના દરવાજાથી બિલ્ડીંગમાં પ્રવેશ કર્યો હતો. હુમલો કર્યા બાદ તે સ્કૂલના બીજા માળે પહોંચી હતી.

આ ઘટના બાદ રાષ્ટ્રપતિ જો બાઈડને હુમલાના હથિયારો પર પ્રતિબંધ મૂકવા બેઠક બોલાવી છે. બાઈડને કહ્યું કે, અમે આ સ્થિતિ પર ખૂબ નજીકથી નજર રાખી રહ્યા છીએ. બંદૂકની હિંસાને રોકવા માટે વધુ પગલાઓ ભરવા પડશે. આવી ઘટનાઓ દેશની આત્માને ચીરી રહી છે. આ દરમિયાન રાષ્ટ્રપતિએ કહ્યું કે, આ ઘટનામાં શૂટર પાસે એક પિસ્તોલ અને બે AK-47 હથિયારો મળી આવ્યા છે.

## ગુજરાતનાં મહાઠગ કિરણ પટેલની પત્ની માલિનીની ધરપકડ

ગાંધીનગર તા. ૨૮ :ગુજરાત સરકારને ઉઠા ભણાવનાર અને સરકારી પૈસે તાગડધિન્ના કરનાર મહાઠગ કિરણ પટેલ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. કિરણ પટેલ હાલ કાશ્મીરની જેલમાં બંધ છે. પરંતુ અમદાવાદમાં તેની કિરણ પટેલની પત્નીની ધરપકડ કરવામાં આવી છે. કિરણ પટેલની પત્ની માલિની પટેલની ધરપકડ કરાઈ છે. માલિની પટેલે આગોતરા જામીન માટે અરજી કરી હતી. ક્રાઈમ બ્રાન્ચમાં ઠગ દંપતી સામે મકાન પચાવી પાડી છેતરપીંડી કરવાની ફરિયાદ દાખલ થઈ છે. PMOમાં એડિશનલ ડાયરેક્ટર હોવાનું કહીને જમ્મુ કાશ્મીરમાં સિક્યુરિટી મેળવનાર કિરણ પટેલની ધરપકડ કરવામા આવી છે. ત્યારે ગુજરાતમાં કિરણ પટેલ મામલે મોટા ખુલાસા થયા છે. નકલી અધિકારી કિરણ પટેલ ઘોડાસર વિસ્તારની પ્રેસ્ટિજ સોસાયટીમાં રહે છે. એક વર્ષ પહેલા જ તેણે અમદાવાદના સિંધુભવન રોડ પર એક બંગલો પચાવી પાડવાની ફરીયાદ થઈ હતી. તે રાજકીય લોકો સાથેના ફોટાઓ બતાવી રૌફ જમાવતો હતો. તેની સામે અનકે ગુનાઓ પણ નોંધાયા છે.


ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ
By Air
27000 Day-6
35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી
ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ
35000 Day-8
નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર
કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી
GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો








C M Y K

# સોમનાથ મરીન પોલીસ દ્વારા ફીશરમેન અવેરનેસ કાર્યક્રમ યોજાયો

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૮



પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહચાવડા, જૂનાગઢ રેન્જ જૂનાગઢ તથા પોલીસ અધિક્ષક શ્રીપાલશેષ્મા ગીર-સોમનાથની સુચના તેમજ નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર વેરાવળ વિભાગના માર્ગદર્શન હેઠળ ફીશરમેન અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવા સુચનાઓ કરેલ હોય જે અનુસંધાને તા.૨૭-૩-૨૦૨૩ના નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર તથા સોમનાથ મરીન પો.સ્ટે.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એચ.આર.ગોસ્વામી તથા એ.બી.જાડેજાઈન્ચાર્જ પો.ઈન્સ. SOG ગીર સોમનાથ તથા એ.એસ.આઈ. ગોવીંદભાઈ ભીમાભાઈ વંશ તથા લખમણભાઈ ડી. મેતા તથા નરવણસિંહ કાકુભા ગોહીલ SOG ગીર સોમનાથ તથા સ્ટેટ આઈ.બી. એ.એસ.આઈ. એલ.ડી.પરમાર તથા એમ.સી.ગોસ્વામી જી.એમ.બી વેરાવળ તથા કોસ્ટ ગાર્ડના પી/એ.ડી.એચ આર.કે. તીવારી સોમનાથ મરીન પોલીસસ્ટેશનનો સ્ટાફ સાથે હીરાકોટ બંદર કોળી સમાજની વંડી ખાતે હીરાકોટ બંદર ફીશરમેનના સભ્યો સાથે ફીશરમેનઅવેરનેશનો કાર્યક્રમનું આયોજન કરી જેમાં અન્ય જીલ્લાનીમાઈગ્રેન થયા વગરની કોઈ અજાણી બોટ/વ્યક્તિઓ બંદરમાંઆવે તો પોલીસને જાણ કરવા માહિતગાર કરેવામાં આવેલતેમજ ગુજરાતરાજ્યના ૧૬૪૦ કી.મી.ના દરીયા કિનારાનીરાષ્ટ્રીય સંપતીનીજતન કરવાની સમજ તથા ફીશરમેનનોને IMBL ™ ઓળંગવા તથા દરીયાઈ સુરક્ષાના નિયમોનુ પાલન, ફીશરીઝ એક્ટનું પાલન, રાષ્ટ્રીય સુરક્ષાના હીતોનું પાલન કરવા સમજ કરવામાં આવેલ તથા ફીશીંગમાં ગ્રુપ સાથે સંકલન રાખવા તથા દરીયામાં લાઈન ફીશીંગ નકરવા તેમજ અન્યદ્વારા લાઈન ફીશીંગ થાય તો સુરક્ષા એજન્સીને જાણ કરવા સમજ કરેલ તથા દરીયાઈ માર્ગથી કોઈ ગુન્હાહીત પ્રવૃતી થાય તો સુરક્ષા એજન્સીને જાણ કરવા સમજ કરેલ છે તથા ફીશરીજ એકટના નિયમો મુજબ જરૂરી ડોકયુમેન્ટ સાથે રાખવા તથા તમામ સુરક્ષા એજન્સીના કોન્ટેકટ નંબરનું લીસ્ટ સાથે રાખવા તથા અગ્ની સામક સાધનો તથા લાઈફ સેવીંગ ઈક્યુપમેન્ટ બોટ સાથે રાખવા સમજ કરવામાં આવેલ છે. તેમજ ફીશરમેન અવેરનેશ મોડ્યુલ મુજબ સુચનાઓ આપી ફીશરમેન અવેરનેશ કાર્યક્રમ પુર્ણ કરવામાં આવેલ છે.

# ગીર-સોમનાથ જિલ્લામાં વિજ્ઞાન જાથાના બે દિવસીય જાગૃતિ કાર્યક્રમો યોજાશે

## શનિવારે વેરાવળના બાદલપરા ગામમાં અંધશ્રદ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાશે : કાર્યક્રમનું ઉદઘાટન ધારાસભ્ય ભગવાનભાઈ બારડ કરશે

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૨૮

ગીર-સોમનાથ જિલ્લામાં ભારત જન વિજ્ઞાન જાથાનીટીમ બે દિવસમાં ત્રણ અંધશ્રદ્ધા નિવારણના કાર્યક્રમો આપનાર છે જેમાં તા. ૧ લી એપ્રિલ શનિવારે બાદલપરા અને તા. ૨ જી એપ્રિલે વેરાવળમાં અંધશ્રદ્ધા નિવારણનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ આપશે. જેમાં જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયા વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વકતવ્ય આપી ટીમના સદસ્યો ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરશે. જાથાનો જનજાગૃતિ ૧૦૦૧૬, ૧૦૦૧૭ અને ૧૦૦૧૮ મો કાર્યક્રમ સંપન્ન થનાર છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન ધારાસભ્ય ભગવાનભાઈ બારડ કરશે.

ઉપરાંત ગોવિંદભાઈ બારડ, રામભાઈ બારડ, જિલ્લા-તાલુકાના આગેવાનો અને ગ્રામ પંચાયતના સદસ્યો હાજરી આપશે. ધારાસભ્યના અંગત સચિવ ભીખુભાઈ બારડે જણાવ્યું કે તા. ૧ લી એપ્રિલ, શનિવારે રાત્રીના ૮ કલાકે વિશાળ સભામંડપમાં લોકજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાદલપરા, સોનારીયા, કાજલી, આજોઠા આસપાસના ગામના જાગૃત લોકો અને ગ્રામજનોને હાજરી આપવા અનુરોધ કરવામાં આવે છે. વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ, લોહી નીકળવું, રૂપિયાનો વરસાદ, જીભની આરપાર ત્રિશુલ નાખવું, ધુણવું-સવારી આવવાની ડીંડકલીલા, ભુવાની સાંકળ મારવાની ધતિંગ લીલા, હાથ-માથા ઉપર દીવા રાખવા, કાનેથી ચિઠ્ઠી વાંચવી, બોલતું તાવીજ, હઝરતમાં જોવું, બેડી તુટવી, મંત્રેલા પાણીથી રોગ મટાડવા વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવશે.

પ્રયોગમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ગુલાબસિંહચૌહાણ, વિપુલભાઈ ગોસ્વામી, રામભાઈ આહીર, હર્ષાબેન પંડયા, ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, સુરત સત્ય શોધક સભાના સિધ્ધાર્થ દેગામી, ભારતીબેન દેગામી ભાગ લેવાના છે. રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# પોષણ પખવાડા અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી આંગણવાડી ખાતે મિલેટ સંબંધિત જાણકારી અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮



ગુજરાત સરકારના આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત રાજકોટ જિલ્લામાં ચાલી રહેલી પોષણ પખવાડાની ઉજવણી અંતર્ગત ઉપલેટા, જસદણ, ધોરાજી, ખરેડા, શિવરાજગઢ, પાળ સહીતના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી આંગણવાડી ખાતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. ઉપલેટા તાલુકાના પાનેલી ગામની આંગણવાડી ખાતે મિલેટ સંબંધિત પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મિલેટમાંથી મળતા વિટામીન અને પોષણ અંગેની જાગૃતિ લાવવા માટે કિશોરી મીટિંગ યોજી ૨૫ માર્ચના રોજ સગર્ભા, ધાત્રી બહેનોને પણ આરોગ્ય પોષણ અને મિલેટમાંથી બનતી વાનગીની સમજ આપવામાં આવી હતી. પોષણ પખવાડા દરમિયાન ગત તા. ૨૪ના રોજ વિસ્તારોની આંગણવાડીમાં મીલેટસ સંબંધિત પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ગત તા. ૨૫ના રોજ બેઠકમાં સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણયુક્ત આહારના લાભો સમજાવવામાં આવ્યા હતા. તેમજ ગત તા. ૨૬ના રોજ આંગણવાડી કાર્યકર દ્વારા ઘરે-ઘરે મુલાકાત લઈ જનતાને મિલેટસમાંથી મળતા પોષણ અને વિટામિન વિષે સમજ આપવામાં આવી હતી.

આમ, પોષણ પખવાડા દરમ્યાન મિલેટ(શ્રી ધાન્ય)ના પોષક લાભો વિષે જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લામાં ૨૦ માર્ચથી પોષણ પખવાડા કાર્યક્રમના શુભારંભ બાદ દરેક દિવસની થીમ આધારિત ઉજવણી કરી કિશોરીઓ, સગર્ભાઓ અને ધાત્રી માતાઓને પોષણયુક્ત આહાર અને વર્ષ મિલેટ વર્ષા સંદર્ભે મિલેટસથી થતાં લાભો વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે, તેમ સી.ડી.પી.ઓ.ની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સ્વાસ્થ્ય મંત્રાલય ભારત સરકારના ઉપક્રમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી સમગ્ર ભારત વર્ષમાં રાજકોટ અને જેતપુર ખાતે "હર ઘર ધ્યાન હર ઘર યોગ" કાર્યક્રમમાં ૧૫૦૦ થી વધુ ધ્યાન-યોગ પ્રેમીઓ જોડાયા





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

સ્વાસ્થ્ય મંત્રાલય ભારત સરકારના ઉપક્રમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી સમગ્ર ભારત વર્ષમાં 'હર ઘર ધ્યાન હર ઘર યોગ' કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ૨૬ માર્ચના સવારે ૬ થી ૮ વાગ્યા દરમ્યાન રાજકોટ મહાનગર ખાતેનો કાર્યક્રમ ૧૫૦ ફૂટ રીંગરોડ ખાતે રાજકોટ તથા જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જેતપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો, જેમાં રાજકોટ ખાતે ૧,૦૦૦ થી વધુ અને જેતપુર ખાતે ૫૦૦થી વધુ યોગ સાધકો, યોગ શિક્ષકો, યોગકોચ, યોગ કો-ઓર્ડીનેટરો અને યોગ પ્રેમીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં આંતર ધ્યાન, ધ્યાનની સૂક્ષ્મ ક્રિયાઓ, આસનો, પ્રાણાયામનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું તેમજ કયા રોગ માટે કયા આસનો કરવા તેની સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા અને યોગ સાધકોને પ્રોત્સાહન પૂરૂ પાડવા જિલ્લા રમતગમત અધિકારી વી.પી.જાડેજા, પટેલ સેવા સમાજના અગ્રણીઓ કિશોરભાઈ ઘોડાસરા, મનિષભાઈ ચાંગેલા, સંજયભાઈ કનેરીયા, જગદીશભાઈ પરસાણીયા, અનીલભાઈ ત્રિવેદી, રાજકોટ મહાનગરપાલિકા યોગ કોચ કોઓર્ડીનેટર વંદનાબેન રાજાણી, યોગ કોચ ચિંતનભાઈ ત્રિવેદી, ડો.ધર્મિષ્ઠાબેન હિંગરાજીયા વગેરે આ કાર્યક્રમમાં જોડાયા હતા.

જેતપુર ખાતે જિલ્લા કક્ષાના યોજાયેલ કાર્યક્રમમાં ડીવાય.એસ.પી. ડોડીયા, પોલીસ ઈન્સ્પેકટર અજીતસિંહ હેર અને યુવા વિકાસ અધિકારી રામાણી ઉપસ્થિત રહ્યા હતા.

# માંગરોળમાં કથાકાર નાગેન્દ્રજીનું શાલ ઓઢાડી સન્માન કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૮

માંગરોળમાં ચાલતી રામ કથામાં સંજીવની નેચર ફાઉન્ડેશનની ટીમ ઉપસ્થિત રહી કથાકાર નાગેન્દ્રજી વોરાનું શાલ તેમજ રાધા કૃષ્ણની મૂર્તિની ભેટ આપી હતી. આ ધર્મ કાર્યને બીરદાવેલ પરતું વિશેષ આ ધર્મ કથા આ રામ કથામાં ઉપસ્થિત સર્વે ભક્ત જનોને સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા ચકલી ઘર નિ:શુલ્ક અર્પણ કરવામાં આવ્યા અને એ પણ જેટલા ભાવિકો હતા તે બધાને જેટલા જોઈએ તેટલા ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સનાતન હિન્દૂ ધર્મમાં જીવમાં શિવ છે એવી ઉકિતને સાર્થક કરતું આ કામ ચકલીઓ માટેના ઘર ચકલીઓ માટેના પાણીના કુંડા પક્ષીઓ માટેનું ચણ જેવી વિવિધ વસ્તુઓનું વિતરણ ગઈકાલે સંજીવની નેચર ફાઉન્ડેશનનો વાર્ષિક કાર્યક્રમ વર્લ્ડ સ્પેરો ડે મતલબ વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એ નિમિતે નગરજનોને આ સેવા નિ:શુલ્ક આ સંગઠન દ્વારા આપવામાં આવેલી હતી. આવી જ રીતે રામકથામાં પણ બહેનોને આ નાનકડા જીવોની રક્ષા માટેના ચકલી ઘર અંદાજીત ૫૦૦ની આસપાસ સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યા હતા.

# રાજકોટમાં શાસ્ત્રી મેદાન ખાતે યોજાયેલા હસ્તકલા હાટ મેળાના પ્રથમ દિવસે ૧૭ લાખથી વધુ રકમનું વેચાણ કરતા કારીગરો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮





વડાપ્રધાનની પ્રેરણાથી ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' થીમ આધારિત "હસ્તકલા હાટ" પ્રદર્શન નોર્થ ઈસ્ટર્ન હેન્ડીક્રાફ્ટ એન્ડ હેન્ડલુમ ડેવલપમેન્ટ કોર્પોરેશન(એન.ઈ.એચ.એચ.ડી.સી) તથા ટ્રાઈફેડના સંકલનથી યોજાયેલ છે, જેનું નિદર્શન અને વેંચાણ તા.૨૬-૩-૨૦૨૩થી શરૂ થઈ ગયું છે. જેમાં પ્રથમ દિવસે ઉત્તર પૂર્વના ૪૮ કારીગરોએ રૂા.૬,૬૭,૫૧૭/-નું વેંચાણ, ગુજરાતના ૪૫ કારીગરોએ રૂા.૮,૪૨,૮૩૦/-નું વેંચાણ અને લાઈવ ડેમોના ૧૦ કારીગરોએ રૂા.૧,૯૧,૫૦૦નું પ્રથમ દિવસુ વેંચાણ કર્યું છે. આમ જોતા કૂલ ૧૦૩ કારીગરોએ પ્રથમ દિવસે રૂા.૧૭,૦૧,૮૪૭/-નું વેંચાણ કર્યું છે. આ હસ્તકલા હાટ આજ તા.૨૮ માર્ચ સુધી સવારે ૧૧ થી રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રહેશે. જેમાં આસામ, અરૂણાચલ પ્રદેશ, મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા મળીને કુલ ૮ રાજયોના કારીગરો શીતલ પટ્ટી, કેન એન્ડ બામ્બુ, મોતીકામ, બ્લેક સ્મિથ, ડ્રાય ફ્લાવર બાસ્કેટ ટ્રે, જ્યુટ-વુડન વર્ક, જ્વેલરી, ડોલ એન્ડ ટોઝ તેમજ ટેક્ષટાઈલ હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફ્ટની વિવિધ કલા-કારીગરીના નમુનાઓ રજુ કર્યા છે.

# ગુરૂવારે શુભ સિદ્ધિ યોગ તથા રવિયોગમાં રામનવમી સાથે સ્વામિનારાયણ જયંતિ

ચૈત્ર શુદ નોમને ગુરૂવાર તા.૩૦-૩-૨૩ આ દિવસે રામનવમી અને સ્વામિનારાયણ જયંતિ પણ છે. આ દિવસે સિદ્ધિયોગ તથા રવિયોગ છે. પંચાંગમાં સિદ્ધિયોગ અને રવિયોગ વાળા દિવસને શુભ માનવામાં આથી આ દિવસ ઉત્તમ છે.

**શ્રી રામ નામનું મહત્વ :** શ્રી રામ શબ્દમાં ત્રણ અક્ષર છે . ૨ અમ ● ૨ એટલે અગ્નિનું બીજ જે અશુભ કર્મને બાળે છે . - અ એટલે સુર્યનું બીજ તે અહંકાર નાશ કરે છે અને જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે. મ એટલે ચંદ્રનું બીજ આધી વ્યાધી અને ઉપાધી હરી લે છે. રામ નામ ૐકાર સમાન છે. બીજા બધા મંત્ર જાપ બોલવામાં નીતિ નિયમ છે. ફક્ત રામ નામના મંત્રમાં જ એવો છે કે જે કોઈપણ જગ્યાએ કોઈ પણ સમયે બોલી શકાય છે. ઘર પૂજા મંદિર અને સ્મશાનમાં પણ બોલી શકાય છે. રામનવમીના દિવસે ઉપવાસ અથવા એકટાણું -કરવું. રામ નામનું લેખન કરવું. શ્રીરામના ૭ સૌથી સરળ મંત્રોમાં છે દરેક મુશ્કેલી દૂર કરે છે. શ્રી રામનવમી ઉપર શ્રી રામના ૭ મંત્ર તમારી મુશિબતો દૂર કરશે. શ્રીરામ નવમીના દિવસે આ મંત્રના જપ પણ કરવા પણ ઉત્તમ છે. (૧) 'રામ' આ મંત્ર કોઈપણ જગ્યાએ બોલી શકાય છે કોઈપણ સમયે બોલી શકાય છે મહામંત્ર છે જીવનની મુસીબત દૂર કરે છે શાંતિ આપે છે. (૨) રાં રામાય નમઃ આ મંત્રના જાપ કરવાથી આર્થિક સંકટ દૂર થાય છે. (૩) રામચંદ્રાય નમઃ આ મંત્રના જપથી જીવનના કલેશ દૂર થાય છે. (૪) ૐ રામભદ્રાય નમઃ કાર્યની ખેતી માટે પ્રભાવી મંત્ર છે. (૫) ૐ નમો ભગવતે રામચંદ્રાય આ મંત્ર આપત્તિના નિવારણ છે. (૬) શ્રી રામ જય રામ જય-જય રામ આ મંત્ર શુભ મનોકામના માટે. (૭) શ્રીરામ ગાયત્રી મંત્ર - ૐ દશરથાય વિમહે સીતા વલ્લભાય ધીમહિ તન્નો રામઃ પ્રચોદયાત સર્વ કાર્ય સિદ્ધ માટે છે. કોઈપણ વ્યક્તિ ભાઈઓ બહેનો બધા જ આ મંત્ર જપી સકે છે. રામનવમીના દિવસે શ્રી રામચંદ્ર ભગવાનનું સ્થાપન કરી પૂજન કરી અને આ મંત્ર જપનું અનુષ્ઠાન કરવું ઉત્તમ ફળદાય છે. તે ઉપરાંત દરરોજ પણ આ મંત્ર જપનું અનુષ્ઠાન કરી શકાય છે સાથે રામનવમીના દિવસે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો પણ ઉત્તમ છે.

**શ્રી રામ ભગવાનનું પૂજન :** રામ નવમીના દિવસે બપોરે ૧૨ વાગ્યે શ્રીરામચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે. એક બાજોઠ કે પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર શ્રીરામચંદ્ર ભગવાનની છબી પધરાવી. છબીની બાજુમાં દિવો કરવો. ભગવાનને ચંદનનું તિલક ચોખા કરી પોતે પણ ચાંદલો કરવો. ભગવાનને ફુલ અર્પણ કરવું. ચોખા, અબીલ, ગુલાલ અર્પણ કરવા. નૈવેધમાં પંજરી ધરાવી, ફળ ધરાવા આ બધી પુજા કરતા કરતા શ્રીરામ નામ ઘરના બધા જ સભ્યોએ લેતા રહેવું. ત્યારબાદ રામ ભગવાનની આરતી ઉતારી અને ક્ષમાયાચના માંગવી. આ દિવસે સાથે લક્ષ્મણજી અને સિતાજીનું પણ પુજન કરવું ઉત્તમ છે. રામ નવમીના દિવસે બપોરે અભિજીત મુર્હુત ૧૨:૨૬ થી ૧:૧૫ સુધી તેમાં પણ શ્રીરામ ચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે.

**શ્રી રામચંદ્ર ભગવાનને પંજરી પ્રસાદનું મહત્વ :** ભગવાન શ્રીરામનો જન્મ હોય કે કૃષ્ણ જન્મ હોય જન્મ ઉત્સવમાં પંજરી ધરાવવાનું મહત્વ વધારે છે. પંજરીમાં ધાણા, સાકર અને નાળિયેરી આવે છે જે શુભ સૂચક છે અને એક માન્યતા પ્રમાણે ભગવાનને પંજરી બહુ પ્રિય હતી. આથી પણ પંજરી ધરાવવાનું મહત્વ છે. સાથે પંજરીમાં ઠંડકના ગુણ વધારે છે. સાથે પાચન માટે પણ ઉત્તમ છે. જે આરોગ્યની દ્રષ્ટિએ પણ સારી છે. આમ ભગવાનને પંજરી ધરાવવાનું મહત્વ વધારે છે. - **શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

# ગાંધીનગર ખાતે આગામી તા. ૩૦ માર્ચના રોજ નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક નટુભાઈ પરમારના દસમાં પુસ્તક 'અનુવચન'નું વિમોચન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

રાજકોટ ખાતે પ્રાદેશિક માહિતી કચેરીમાં સંયુક્ત માહિતી નિયામક તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ ગાંધીનગર સ્થાયી થયેલા નિવૃત્ત અધિકારી નટુભાઈ પરમાર કે જેઓ લેખક અને પત્રકાર તરીકે ખ્યાતિ ધરાવે છે, તેઓના દસમા પુસ્તક ''અનુવચન''નું વિમોચન આગામી તા.૩૦ માર્ચના રોજ સવારે ૧૦ કલાકે રાધે બેક્વેટ હોલ, સેકટર-૧, ગાંધીનગર ખાતે યોજાશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને ખ્યાતિપ્રાપ્ત સર્જક ભાગ્યેશ જહા, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને પ્રસિદ્ધ સાહિત્યકાર પ્રવીણભાઈ ગઢવી, વિખ્યાત લેખક - ચિંતક - વકતા પુલક ત્રિવેદી, જાણીતા કવિ રમણ વાઘેલા અને સાહિત્યકાર કલ્પેશ પટેલ સહિતની પ્રતિભાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. સુજ્ઞ સાહિત્યરસિકોને આ લોકાર્પણ કાર્યક્રમનો લાભ લેવા નિવૃત્ત સંયુકત માહિતી નિયામક નટુભાઈ પરમારે ભાવભીનો અનુરોધ કર્યો છે.

# કલ્યાણપુર નજીક આવેલી ખાનગી કંપનીમાં લાગેલી આગ બે દિવસે કાબુમાં આવી : લાખો રૂપિયાનું નુકસાન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮



કલ્યાણપુર તાલુકામાં આવેલી કિશાન બાયો કોલ નામની કંપનીમાં રવિવારે બપોરે કોઈ કારણોસર એકાએક આગ ભભુકી ઉઠી હતી. આ આગના કારણે અહીં રાખવામાં આવેલો મગફળી તથા સુકી ભૂકી વિગેરેનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. આ બનાવની જાણ અહીંના ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સુચના મુજબ સ્ટાફના જવાનો ફાયર ફાઈટર સાથે દોડી ગયા હતા. જેમાં ખંભાળિયા ઉપરાંત દ્વારકાની ફાયર ટીમે આવીરત રીતે પાણીનો મારો ચલાવ્યા બાદ ગઈકાલે સોમવારે આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. આગને કાબુલમાં લેવા માટે નજીકના વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીના ફાયર ફાઈટર સ્ટાફએ પણ જહેમત ઉઠાવી હતી. આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું કહેવાય છે. બાયો કોલ કંપનીમાં લાગેલી અને બે દિવસે કાબૂમાં આવેલી આ વિકરાળ આગમાં મશીનરી વિગેરે બળી જતા લાખો રૂપિયાનું નુકસાન અંદાજાઈ રહ્યું છે.

હવે ગાડી વેચવાની ચિંતા નહી.
તમારા શહેરમાં લાવી રહયા છીએ
ગાડી વેચવાનું સારૂ પ્લેટફોર્મ
ગાડી વેચાશે ફટાફટ...

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# જૂનાગઢ મહાનગરપાલિકચાની સ્થાયી સમિતીની યોજાયેલ બેઠકમાં રૂા.૧૯ કરોડના વિકાસકાર્યો મંજુર

## મનપા વિસ્તારમાં થતી નવી પેશકદમીઓ દુર કરવા તથા દુર કરેલ પેશકદમી ઉપર દબાણ ન થાય તે માટે જવાબદારી નકકી કરાઈ

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ મહાનગર-પાલિકાની સ્થાયી સમિતિની બેઠક મળેલ હચતી જે બેઠક અન્વયે નિર્ણયો લેવા માટે સર્વ પ્રથમ સંકલનની બેઠક મળેલ હતી જેમાં મેયર ગીતાબેન પરમાર, ડે.મેયર ગીરીશભાઈ કોટેચા, સ્થાયી સમિતિ ચેરમેન હરેશભાઈ પરસાણા, શાસકપક્ષના નેતા કિરીટભાઈ ભીંભા, સ્થાયી સમિતિના સિનીવર સદસ્યો ઉપસ્થિત રહેલ હતા જેમાં સ્થાયી સમિતિના એજન્ડા અનુરૂપ નિર્ણયો લેવામાં આવેલ હતા. ત્યારબાદ સ્થાયી સમિતિની બેઠક ચેરમેન હરેશભાઈ પરસાણાના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેન્ડીંગની બેઠકમાં સદસ્યો શકીકાંતભાઈ ભીમાણી, બાલાભાઈ રાડા, લલીતભાઈ સુવાગીયા, નટુભાઈપટોળીયા, આરતીબેન જોષી, દિવાળીબેન પરમાર, શાંતાબેનમોકરીયા, ભારતીબેન ત્રાંબડીયા સહિતના સદસ્યોની ઉપસ્થિતિમાં મળેલ હતી. આ બેઠકમાં દરખાસ્તરૂપે આવેલ વિકાસકાર્યો અને જનસુખાકારીના પ્રજાકિય સુખાકારી કામોને મંજુરી આપવામાં આવેલ છે. જે અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકાનો સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તળે ફાળવવામાં આવેલ આઉટગ્રોથ ગ્રાન્ટમાંથી ફાયર શાખાહસ્તક કોન્વે વ્હીકલ,રેસ્કયુ વ્હીકલ, મોન્સુન રેસ્કયુ જેવા વાહનો ખરીદ કરવા માટે રૂા.૫૯ લાખ, મનપા હદ વિસ્તારમાં આંબાવાડીડાયમંડ ઝોનમાં જુદી જુદીજગ્યાએ સીસી ટીવી કેમેરા લગાડવા માટે રૂા.૭ લાખ, ખામધ્રોળ ત્રી મંદિર સામે ટીપી રીઝર્વ પ્લોટમાં ઢોરનો ડબ્બો બનાવવા માટે રૂમ, અવેડો, શેડ, સીસીફલોરીંગની કામગીરી માટે રૂા.૩૮ લાખ જેવા વિકાસકાર્યો હાથ ધરવા માટે રૂા.૧ કરોડ ૪ લાખના કામો મંજુર કરવામાં આવેલ છે, જૂનાગઢ મહાનગરપાલિકાને ફાળવવામાં આવતી ગ્રાન્ટોની બેલેન્સ શિટ, ઈન્કમટેકસ, જીએસટી તથા અન્ય નાણાંકિય સલાહો માટે સીએની સેવાઓ લેવા માટે તૈયાર કરવામાં આવેલ ટેન્ડરની શરતો મંજુર કરવામાં અવેલ છે તેમજ જૂનાગઢ મહાનાગરપાલિકાચ દ્વારા સનાતન સંસ્કૃતિના આરાધ્ય અને કર્તવ્યપારાયણતાના શ્રેષ્ઠ ઉદઘોષક, મર્યાદા પુરૂષોતમ રામચંદ્ર ભગવાનનો જન્મોત્સવ શહેરમાં ધામધુમથી ઉજવણી થાય તથા સૌ ધર્મપ્રિય જનતા આ જન્મોત્સવમાં જોડાય તે માટે શ્રી હિન્દુ ધર્મ ઉત્સવ સમિતિની આવેલ રજુઆત અનુસંધાને રૂા.૧ લાખ ૫૦હજારની ફાળવણી કરી અને તા.૩૦મી માર્ચના રોજ રામચંદ્ર ભગવાનના જન્મોત્સવની ઉજવણી ભવ્ય રીતે કરવા નિર્ણય કરવામાં આવેલ. આ ઉપરાંત બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જયંતિની આગામી તા.૧૪ એપ્રિલના રોજ ભવ્ય રીતે ઉજવણી થાય તે માટે કોર્પોરેટરોની રજુઆતનો આધારે ગત વર્ષની જેમ અનુદાનની રકમ ફાળવવા નિર્ણય કરવામાં આવેલ. આ ઉપરાંત પણ જુદા જુદા શહેરી વિકાસ યોજના અંતર્ગતના કામો માટે રૂા.૧૮ કરોડ મંજુર કરવામાં આવેલ. ખાસ કરીને નવી પેશકદમીઓ દુર કરવા તેમજ દુર થયેલી પેશકદમી ઉપર દબાણ ન થાય તે માટે વોર્ડના વોર્ડ ઈજનેર અને સેનેટરી ઈન્સપેકટરની જવાબદારી ફીકસ કરવામાં આવી છે.

### ધર્મના નામે ધતીંગ અને અંધશ્રધ્ધાનો ફાયદો ઉઠાવતા લેભાગુ

# રાજકોટ શહેરમાં શેરીએ ગલીએ લોકોને લુંટતા ધતીંગબાજો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્રના રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમય થયા વિવિધ સોસાયટી અને માર્ગો ઉપર લેભાગુ લોકો નીકળી પડયા છે અને ધર્મના નામે તેમજ અંધશ્રધ્ધા અને દયા ભાવનાનો દુર ઉપયોગ કરીઅને લોકોને સરેઆમ છેતરતા હોવાના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. થોડા સમય પહેલા જ યુનિવર્સિટી રોડ ઉપર અને ત્યાં આવેલી સોસાયટીમાં એક દંપતિને પોતાના બાળક સાથે જોવા મળ્યું હતું. આ દંપતિ રસ્તે જતા લોકોને ઉભા રાખી અને તેઓને પગે લાગી અને વિનંતી સાથે જણાવે કે, અમારા ઉપર દયા કરો મારે મારા સંતાનને ત્રાજવે તોલવું છે અને અમારે એવી માનતા છેકે, કોઈ જો અન્ય વ્યકિત પૈસા આપે તો તેના પૈસા થકી દેવ દેવસ્થાનમાં આ બાળકની ભારોભાર ચિજવસ્તુઓ ધરવાની છે અને જેનો લઈને મારા આ સાત ખોટના સંતાનની માનતા પુરી થઈ જાઈ. આવી રીતે આ દંપતી લોકોને વિનામણી કરે તેમાંથી શ્રધ્ધાવાન અને દયાભાવના રાખવા વાળા કોક વ્યકિત તો નિકળે જ અને આ દંપતિને તેની ટેક અનુસાર રૂપિયા આપી દે. એક શિકાર કર્યા પછી આ દંપતિ અન્ય સોસાયટી અને માર્ગ ઉપર તમને જોવા મળે અને ત્યાં પણ ફરીવાર આજ દ્રશ્ય લોકો સમક્ષ ભજવાઈ અને દયાવાન લોકો ફરી પાછા તેને રૂપિયાની લહાણી કરે. આ રીતે ગોરખધંધા ચાલતા હોય તેવી ફરીયાદો ઉઠી છે. એકવાર એવું બન્યું કે, યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થીનીઓ ત્યાંથી પસાર થતી હતી ત્યારે આ દંપતિએ તેમને રોકી અને પોતાની ટેકની વાત કરી હતી એટલે દયાભાવથી પ્રેરાય અને આ વિદ્યાર્થીનીઓએ તેને રૂપિયા આપી દિધા અને એક સારૂ કાર્ય કર્યાનો સંતોષ માન્યો હતો. ત્યારબાદ આ બનાવ બન્યા એને ચાર પાંચ દિવસ પછી યુનિવર્સિટી રોડ ઉપર જ ફરીવાર આ જ દંપતિનો આ વિદ્યાર્થીનીઓએ જોયા અને તેને કોઈ પાસે પૈસાની માંગણી કરતા જોતા જ આ દંપતિની આખી રમત સમજાય ગઈ અને જાહેર રોડ ઉપર જ તેમની ઝાટકણી કાઢી અને આવા ગોરખ ધંધા ફરીવાર કર્યા તો પોલીસને સોંપી દઈશ તેવી ધમકી આપતા આ દંપતિ દેખાતું બંધ થયું હતું. ઘણો સમય થયા બાદ ફરી એકવાર રાજકોટના વિવિધ વિસ્તારોમાં આવી ઠગ ટોળકી ઉતરી આવી છે અને જુદા જુદા વિસ્તારમાં લોકોને ભોળવી અને માનતાને બહાને, ભગવાનને બહાને અને કોઈપણ રીતે દયાભાવમાં ભોળવી અને રૂપિયા ખંખેરતી હોવાના કિસ્સા બની રહ્યા છે ત્યારે આ બાબતે લોકોએ જાગૃત થવા અપિલ કરવામાં આવી છે.

# ગુજરાતી યોગ બોર્ડ તથા આર્ટ ઓફ લિવિંગના સંયુક્ત ઉપક્રમે ધ્યાન યોગ શિબિર યોજાઈ

### ૧૧૫૦ લોકો ધ્યાન અને યોગ શિબિરમાં સહભાગી થયા



જૂનાગઢ, તા.૨૮

ગુજરાત રાજય યોગ બોર્ડ તથા આર્ટ ઓફ લિવિંગ સંયુક્ત ઉપક્રમે અને આઝાદી અમૃત મહોત્સવ અંતર્ગત ધ્યાન અને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. હર ઘર ધ્યાન કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકા કક્ષાએ કે.જે.ચૌહાણ સ્કૂલ ખાતે અને તાલુકા કક્ષાએ મહિલા કોલેજ કેશોદ ખાતે ધ્યાન તેમજ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યુંહતું. ગુજરાત રાજય યોગ બોર્ડના જૂનાગઢ જિલ્લા કોડીનેટર ચેતનાબેન ગજેરા તેમજ જૂનાગઢ મહાનગર-પાલિકા કોર્ડીનેટર દિલીપસિંહ પરમારના જણાવ્યા મુજબ જૂનાગઢ કક્ષાએ ૭૦૦ લોકોએ અને તાલુકા કક્ષાએ ૪૫૦ લોકો આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ બંને કાર્યક્રમોને સફળ બનાવવા માટે જૂનાગઢ જિલ્લા રમતગમતની કચેરીના અધિકારીઓ યોગ કોચ સહિતના એ જહેમત ઉઠાવી હતી.

# સલાયામાં ચૈત્રી નવરાત્રીના ચોથા નોરતે ૧૧૧૧ દિવડાનાં દર્શન યોજાયા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલી લોહાણા મહાજન વાડી ખાતે દર વર્ષેની જેમ આ વર્ષે પણ લોહાણા મહાજન દ્વારા ચૈત્ર માસમાં નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. શનિવારે ચૈત્રી નવરાત્રીના ચોથા નોરતે માતાજી પ્રાચીન ગરબીની ફરતે ૧૧૧૧ દીવડાના અલૌકિક દર્શન યોજવામાં આવ્યા હતા. લોહાણા મહાજન તેમજ સલાયા શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભુવા દ્વારા આયોજિત આ ધર્મોત્સવમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ મયુરભાઈ ગઢવી, જિલ્લા યુવા પ્રમુખ વનરાજસિંહ વાઢેર, ઈન્દ્રજીતસિંહ પરમાર સાથે તાલુકાભરના આગેવાનો જોડાયા હતા.

# ગિર સોમનાથ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ૩ અમુલ્ય જીંદગી બચાવવામાં આવી

### ઘાંટવડ ૧૦૮ દ્વારા કટોકટીની પરિસ્થિતી મા માતાને બે બાળક હોવા છતા ઘટના સ્થળે જ નોર્મલ પ્રસુતિ કરાવામાં આવી અને માતા અને બંને બાળકનો આબાદ જીવ બચાવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૮



ગિર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નગડલા ગામે એક સગર્ભા મહિલા રંભુબેન રાણાભાઈને પ્રસૂતિનો દુઃખાઓ થતા ઘાંટવડ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન આવેલો ફરજ ઉપરના હાજર કર્મચારી ઈએમટી જ્યોત્સના રાઠોડ અને પાયલોટ અશ્વિન ચાવડા ઘટના સ્થળે પહોંચેલ અને તે મહિલાને અચાનક દુઃખાઓ વધવાથી ઘટના સ્થળે જ નોર્મલ ડિલિવરી કરવાની ફરજ પડી હતી. ૧૦૮ના ઈએમટીની આવડત અને ૧૦૮ હેડ ઓફિસના ડોકટરની સલાહ મુજબ જરૂરી સારવાર આપી માતા અને બંને બાળકનો જીવ બચાવવામાં આવ્યો હતો અને બંનેને સલામત રીતે નજીકની સરકારી હોસ્પિટલ મુકવામાં આવ્યા હતા.તેમના સગા સંબંધીઓ ૧૦૮ના કર્મચારી નો આભાર માન્યો હતો જિલ્લાના ઉચ્ચ અધિકારી દિનેશ ઉપાધ્યાય અને દિપક દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના ત્રણ મંડળોમાં ભાજપ દ્વારા બુથ સશક્તિકરણ કાર્ય પૂર્ણ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮



દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાવલ શહેર, ભાણવડ તાલુકો તથા દ્વારકા શહેરના ત્રણ મંડળોમાં બુથ સશકિતકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાભાજપપ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા આયોજનમાં આ અંગેની માહિતી આપતા જિલ્લા ભાજપ મહામંત્રી યુવરાજસિંહ વાઢેર તથા રસિકભાઈ નકુમે જણાવ્યું હતું કે હાલ જિલ્લાના દસેય મંડળોમાં બુથ સશક્તિકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે પૈકી આ ત્રણ મંડળોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં વિવિધ બાબતે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકાના શિવરાજપુર બીચ ખાતે પર્યટન પર્વ ૨૦૨૩ કાર્યક્રમ ઉજવાયો

### ભારતની સંસ્કૃતિએ અતિથિ દેવો ભવ:ની સંસ્કૃતિ છે : ધારાસભ્ય પબુભા માણેક, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ થકી સમગ્ર વાતાવરણ બન્યું અભિભૂત





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૮

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે યાત્રાધામ દેવભૂમિ દ્વારકા પાવન ભૂમિ ઉપર રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ ગાંધીનગર, કમિશનર યુવકસેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સંચાલિત પર્યટન પર્વ સાંસ્કૃતિક કાર્યક્રમ-૨૦૨૩નું આયોજન મહાનુભાવોની ઉપસ્થિતિમાં શિવરાજપુર બીચ ખાતે કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે, પ્રાચીન સમયથી જ ભારતની ભૂમિ ઉત્સવપ્રિય રહી છે. દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશા નિર્દેશનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નેતૃત્વમાં સાંસ્કૃતિક સ્થળો તથા પ્રવાસનધામો ખૂબ વિકાસ કર્યો છે. દ્વારકાની પાવન ભૂમિના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં પણ અનેક જોગવાઈઓ કરી છે. આ તકે ધારાસભ્યએ વધુમાં જણાવ્યુ હતુ કે, સરકાર દ્વારા દેશમાં અનેક સાંસ્કૃતિક સ્થળોને ટુરિઝમ સર્કીટ તરીકે વિકસાવવાનું નિર્ણય કર્યો છે. જેમાં યાત્રાધામ દ્વારકાનો પણ સમાવેશ થાય છે. સરકાર દ્વારા પ્રવાસન સ્થળોનો વિકાસ કરીને ના માત્ર સંસ્કૃતિના મહત્વને ઉજાગર કરી પણ નાના તથા મધ્યમ વર્ગીય નાગરિકો માટે આજીવિકા પૂરી પાડી છે. કાર્યક્રમનો પ્રારંભ ચામુંડા મહેર રાસ મંડળી બોખીરા દ્વારા સુંદર ઢાલ-તલવાર રાસ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધ ગ્રુપો દ્વારા સુંદર રાસ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ લોકસાહિત્યકાર દેવરાજભાઈ ગઢવી દ્વારા લોકડાયરામાં સુર લહેરાવીને સમગ્ર સંસ્કૃતિમય કરી દીધું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબતભાઈ હાથલિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જે.આર.પરમાર, દ્વારકા તાલુકા પંચાયત પ્રમુખભારતીબેન કેર, ઓખા નગરપાલિકા પ્રમુખ ઉષાબેન ગોહેલ, જિલ્લાના અગ્રણીઓ લુણાભા સુમણીયા સહિત અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં નાગરિકોએ ભવ્ય કાર્યક્રમ નિહાળ્યો હતો.

# ખંભાળિયાના જલારામ મંદિરે સેવા કાર્યો તથા સન્માન સમારોહ સુપેરે સંપન્ન





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયાના સુપ્રસિદ્ધ જલારામ મંદિર ખાતે રવિવારે ધર્મમય કાર્યક્રમો સાથે સન્માન સમારંભનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. યુ.કે.ના સેવાભાવી ગણાત્રા ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ ગણાત્રા પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જલારામ મંદિર ખાતે નૂતન ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે અહીંની જાણીતી સેવા સંસ્થા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોવિડના સમયમાં તેમજ હાલના સમયમાં પણ સંસ્થાને મદદરૂપ થતા દાતાઓ તેમજ સ્વંયસેવકો અને કાર્યકરોબા સન્માન સમારોહનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કોરોનાના સમયમાં ઘણા સ્વંયસેવકો દ્વારા પોતાના જીવની પણ પરવા કર્યા વગર સેવાકીય કાર્યોમાં જે સહયોગ આપ્યો હતો, તેનો દિનેશભાઈ ગણાત્રા પરિવારે આભાર વ્યક્ત કર્યોહતો. આ સાથે જ્ઞાતિની જુદી જુદી સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રેષ્ઠીઓનું પણ સન્માનકરવામાં આવ્યું હતું. ગણાત્રા ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં મધ્યપ્રદેશના વિદિશા જિલ્લાના લટેરી તાલુકાના આનંદપુર ખાતે મોરારીબાપુની સપ્તાહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તબક્કે ઘણા સેવાકીય પ્રકલ્પો પણ પૂર્ણ કર્યા હતા. આ ઉપરાંત લોહાણા યુવક પરિવારના પાયાના પથ્થર તેમજ સ્થાપક એવા જગદીશભાઈ ગણાત્રા દ્વારા પણ લોહાણા યુવક પરિવારથી માંડીને શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ સુધીની આશરે ૪૨ વર્ષની સેવાકીય પ્રવુતિઓ વર્ણવી અને તમામ કાર્યકરોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ તકે સર્વે દાતા સદ ગૃહસ્થનો પરિવારોનો આભાર વ્યક્ત કર્યો હતો. આજના આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી જલારામ અન્નપૂર્ણા ગૃહ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિનુભાઈ પંચમતીયા, મનુભાઈ કાનાણી, નિશીલભાઈ કાનાણી તેમજ નિખિલભાઈ મોદી વિગેરેએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

હવે ગાડી વેચવાની ચિંતા નહી.
તમારા શહેરમાં લાવી રહયા છીએ
ગાડી વેચવાનું સારૂ પ્લેટફોર્મ
8000760909 | 9898063064
ગાડી-સ્કુટર વેચાશે ફટાફટ...

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ચીનની દખલગીરીથી શ્રીલંકામાં ઉભા થયેલા પડકારો

ફરીથી રાષ્ટ્રપ્રમુખ ચૂંટાયા બાદ જિનપિંગ વધુ આક્રમક થઈને એશિયામાં અમેરિકી તાકાતના પ્રભાવને પડકારશે, એવામાં ભારતે ચીન સાથે જોડાતી પોતાની સીમાઓ પર સુરક્ષાને સુદૃઢ કરવી જરૂરી છે. બેશક લદ્દાખ બાદ અરુણાચલ પ્રદેશમાં હાલની ચીની ઘૂસણખોરી પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે, પરંતુ થલ-સમુદ્રી સીમાઓ પર પણ તે લાગુ છે.તે ઉપરાંત હિંદ મહાસાગરીય ક્ષેત્રમાં ચીનની ચાલો પર વિશેષ નજર રાખવી પડશે. એ પણ યાદ રાખવું જરૂરી છે કે બાઇડન પ્રશાસને તેલ સંપન્ન ખાડી ક્ષેત્રને લઈને અમેરિકી વિદેશ નીતિમાં ઉહાપોહની સ્થિતિ પેદા કરી છે. અમેરિકાએ સઉદી અરબ સાથે કૂટનીતિક વ્યવહારમાં અસંવેદનશીલતા દેખાડતાં આ મહત્ત્વનો સંબંધ બગાડી દીધો છે, જ્યારે ઈરાન સાથે સંબંધો પહેલેથી જ કડવા છે. આ દરમ્યાન ચીને સઉદી અરબ અને ઈરાન વચ્ચે સંબંધ ફરીથી સારા કરવાની મધ્યસ્થતા નિભાવી છે.

ચીન હવે હિંદ-પ્રશાંત મહાસાગરીય વિસ્તારોના વિકાસમાં ઉલ્લેખનીય ભૂમિકા નિભાવી રહ્યું છે. સઉદી અરબ અને ઈરાન વચ્ચે ફરીથી રાજદ્વારી સંબંધો સ્થપાવીને ચીને અરબ ખાડી વિસ્તારમાં અમેરિકી પ્રભાવને કમતર કર્યો છે. તે ઉપરાંત રશિયા પણ પોતાના વિશાળ ઊર્જા ભંડારોના જોરે પ્રભાવ વધારી રહ્યું છે. અમેરિકાએ એ હકીકત માનવી પડશે કે રશિયાના બહિષ્કારમાં ભારત જેવા લોકતાંત્રિક મિત્ર રાષ્ટ્ર સાથે નહીં આવે, ખાસ કરીને ઊર્જા હિત દાવ પર હોય ત્યારે. સમગ્ર હિંદ-પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં ચીનની વધતી નૌસૈન્ય અને આર્થિક તાકાતનો સામનો કરવામાં અમેરિકા અને ભારતનાં હિત એકસમાન છે. આ જટિલ પરિસ્થિતિમાં, ભારતે પોતાના બે મહત્ત્વપૂર્ણ દક્ષિણ એશિયાઇ પડોશી દેશ એટલે કે પાકિસ્તાન અને શ્રીલંકા સાથે વ્યવહારમાં ઘણી દક્ષતા દેખાડી છે. જોકે આ બંનેના ચીન સાથે નજીકના સંબંધ છે, દેખીતું છે કે તેનાથી ભારતની સુરક્ષા પર પ્રભાવ પડે છે.

ચીન-પાકિસ્તાન સંબંધ મુખ્યત્વે ભારત-વિરોધી નીતિ પર ટકેલો છે. આ એવો સંબંધ છે જેમાં ચીનથી પાકિસ્તાનને હથિયાર અપાય છે - પરંપરાગત અને પરમાણુ. પાકિસ્તાનનો પરમાણુ કાર્યક્રમ અને નવી દિલ્હીથી લઈને અંડમાન-નિકોબાર દ્વિપ સુધીના વિસ્તારોને નિશાનો બનાવવામાં સક્ષમ પાકિસ્તાની બેલેસ્ટિક મિસાઈલો વસ્તુતઃ ચીની ડિઝાઇનની છે. જોકે આપણે સ્વીકારવું પડશે કે ૧૯૮૦ના દાયકામાં ચાલેલા સિંહાલા-તમિલ જાતિય સંઘર્ષ સમયે શ્રીલંકામાં ભારત પ્રત્યે સંશયો વધી ગયા હતા. આ એ સમય હતો જ્યારે એલટીટીઈ સાથે ભારતના સંબંધો હોવાની ઘણી આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ભારતીયો કેટલીય વાર ભૂલી જાય છે કે જાતીય સંઘર્ષ ઉત્તરી શ્રીલંકા સુધી જ સીમિત રહ્યો હતો, જ્યાં તમિલો સદીઓથી વસેલા છે. દેશના દિક્ષણી ભાગમાં ખેતી કરનારા તમિલો તેમાં સામેલ નહોતા. દિક્ષણી તમિલ, જેમની સાથે હાલમાં જ શ્રીલંકાના પ્રવાસે મોદીની મુલાકાતો થઈ છે, તેઓ તેમની સારી પ્રશંસા કરી રહ્યા છે.

હાલમાં શ્રીલંકા વિકટ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે, પાકિસ્તાન પણ આવી જ સ્થિતિમાં છે. જ્યારે વડાપ્રધાન મોદીએ શ્રીલંકાને ગંભીર વિદેશી મુદ્રા સંકટમાંથી ઉગારવા ૪ બિલિયન ડોલરની રાહત રકમ આપવાની જાહેરાત કરી તો એક રીતે કંગાળ થયેલ શ્રીલંકન સરકારને આશ્ચર્યજનક આનંદ થયો. રોચક એ કે તેના પછી, મોડેથી જાગેલ ચીન સરકારે પણ તાબડતોબ રાહત રકમ આપવાની વાત કહી, પરંતુ માત્ર ૧ બિલિયન ડોલર. તેમના પર્યવેક્ષકોને વિશ્વાસ છે કે શ્રીલંકાનું હાલનું આર્થિક સંકટ એલફેલ ખર્ચા અને વિચાર્યા વગરના ઊંચા વ્યાજ દરે ઈન્ટરનેશનલ સોવરેન બોન્ડ્સ આધારિત લોન લેવાથી પેદા થયું છે. એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક ઓફ ચાઈનાએ શ્રીલંકાને લોન વાપસીમાં બે વર્ષની છૂટ આપવાની ઓફર કરી છે અને કહ્યું છે કે આઈએમએફમાંથી લોન લેવામાં પણ તે સહાયતા કરશે. પરંતુ અસલમાં ચીને શ્રીલંકાના માથે ચડેલ દેવું ઓછું કરવામાં બહુ ઓછી કોશિશ કરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

લેવામાં નહીં પરંતુ ત્યાગ કરવામાં જ સર્વસુખ સમાયેલું છે.

- સ્વામી રામતીર્થ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૭, તા.૨૮ માર્ચ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૫, મૃગશીર્ષ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૯, સૂ.અ.૭:૦૫
આજનો દિવસ સાધારણ છે.
આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી વિરહ રહે. અગત્યના કાર્યોમાં વિઘ્ન આવે.
વૃષભ: વ્યવસાયિક કાર્યમાં સફળતા મળે. મોજ-શોખમાં દિવસ વિતે.
મિથુન: બગડેલા કાર્યો સુધારી શકશો. ગુપ્ત ચિંતા દૂર થાય.
કર્ક: માનસિક પરેશાની દૂર થાય. આવકમાં વધારો થાય.
સિંહ: અટકેલા કાર્યો પૂર્ણ થાય. નવા સાહસમાં સફળતા મળે.
કન્યા: પ્રવાસમાં લાભ રહે. સ્વભાવ તેજ રહે.
તુલા: વ્યર્થ દોડા-દોડી રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
વૃશ્ચિક: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. આકસ્મીક ધન પ્રાપ્તિ થાય.
ધન: મનની નિરાશા દૂર થાય. આર્થિક સમસ્યા હળવી બને.
મકર: શત્રુવર્ગને પીછેહટ કરવી પડે. આવક-જાવક સરભર રહે.
કુંભ: કાર્યની અધિક્તા રહે તેવી સંભાવના. જીવનસાથીનો આરોગ્ય સંભાળવું.
મીન: કામકાજમાં વ્યસ્ત રહેવાય. મનમાં મૂંઝવણ રહે.

# ખંભાળિયામાં વડાપ્રધાનના "મન કી બાત" નો કાર્યક્રમ સામૂહિક રીતે નિહાળતા આગેવાનો, કાર્યકરો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રત્યેક માસના અંતિમ રવિવારે "મન કી બાત"ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. દેશમાં થતી અલગ અલગ પ્રકારની પ્રવૃત્તિઓની જાણકારી, પ્રેરણા રૂપ કામગીરી તેમજ લોકોમાં જાગૃતિ આવે અને વિવિધ બાબતે પ્રેરણા મળે તે પ્રકારની બાબતો ઉપર પ્રકાશ પાડવાના હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દર મહિને લોકો સમક્ષ "મન કી બાત" રજૂ કરવામાં આવે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ જુદા જુદા બૂથમાં ભાજપના કાર્યકરો દ્વારા સામુહિક રીતે "મન કી બાત" અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ગઈકાલે રવિવારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુલ ૬૫૮ પૈકી ૪૦૦ બુથમાં ભાજપના હોદ્દેદારો-કાર્યકરો દ્વારા "મન કી બાત" અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ મયુરભાઈ ગઢવી તેમજ સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો દ્વારા અહીંના મહત્વના એવા હર્ષદપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં "મન કી બાત" અંગેના યોજાયેલા કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આગામી તારીખ ૩૦ એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ૧૦૦ મો "મન કી બાત" નો કાર્યક્રમ યોજાશે. જેમાં જિલ્લાના તમામ બુથ પર પાર્ટીના કાર્યકરો દ્વારા આ કાર્યક્રમમાં સહભાગી થવાનું આયોજન પણ થઈ રહ્યું છે. ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા ભાગોમાં યોજવામાં આવેલા "મન કી બાત"ના કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સદસ્યો તેમજ નાના-મોટા કાર્યકરો સહભાગી થયા હતા.

# ખંભાળિયામાં ગઢવી જ્ઞાતિની સેવા સંસ્થા દ્વારા સમાજ કલ્યાણ અને જાગૃતિ માટે ખાસ બેઠક યોજાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ભારતના જુદા જુદા ૧૧ રાજ્યોમાં કાર્યરત ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન(CGIF) નામની સંસ્થા કે જેના દ્વારા ચારણ - ગઢવી સમાજને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, તેના હોદ્દેદારો, આગેવાનોને એક મીટીંગ શનિવારે ખંભાળિયામાં યોજવામાં આવી હતી. ખંભાળિયાના ભાણવડ રોડ ઉપર જ્ઞાતિના આગેવાન રાજાભાઈ રૂડાચની અધ્યક્ષતામાં યોજવામાં આવેલી આ મિટિંગમાં સી.જી.આઈ.એફ.(CGIF)ના પદાધિકારીઓ સહિતના સ્થાનિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમાજ કલ્યાણ માટે કાર્યરત એવી આ સંસ્થાના દ્વારા ચારણ (ગઢવી) સમાજમાં શિક્ષણ અને આરોગ્ય બાબતે જાગૃતિ આવે ઉપરાંત છેવાડાના વિસ્તારોમાં પણ ચારણ ગઢવી સમાજના લોકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે જાગૃતિ અર્થેના ઉદ્દેશ સાથે આ મિટિંગ યોજવામાં આવી હતી. અહીંના અગ્રણી રાજાભાઈ ગઢવીના નિવાસ્થાને યોજાયેલી આ ખાસ બેઠકમાં આ સેવા સંસ્થાનો વ્યાપ વિસ્તરે અને સ્થાનિક કાર્યકરો આ સંસ્થામાં જોડાય જેથી સેવાકાર્ય માટેનો પાયો વધુ મજબૂત બને તે બાબત ઉપર ભાર આપવામાં આવ્યો હતો. આ મિટિંગમાં જામનગર, પોરબંદર સહિતના જિલ્લાના આગેવાનો પણ જોડાયા હતા અને આગામી સમયના આયોજન માટે સ્થાનિકોને જવાબદારી સોંપવામાં આવી હતી.




# ભારતની પુત્રીએ બનાવી જોરદાર મોબાઈલ એપ, કેમેરા સામે આંખ બતાવતાં જ જણાવી દેશે બિમારી

શું તમને યાદ છે ૯ વર્ષની હાના રફીક જેણે સૌથી નાની ઉંમરની iOS એપ ડેવલપર બનતા સમાચારોમાં છવાયેલી છે, અને એપલના સીઈઓ ટિમ કૂકપાસેથી પણ ઓળખ મેળવી હતી. તાજેતરમાં જ જાણવા મળ્યું છે કે હાનાની એક મોટી બહેન, લીના છે, જે સેલ્ફ-ટોટ કોડર પણ છે. લીનાએ 'લહનાસ' નામની વેબસાઈટ બનાવી છે, જે બાળકોને પ્રાણીઓ, રંગો અને શબ્દો વિશે શીખવામાં મદદ કરે છે. તાજેતરમાં, તેણે 'Ogler EyeScan' નામની AI-આધારિત એપ્લિકેશન પણ બનાવી છે જે આઈફોનનો ઉપયોગ કરીને અનન્ય સ્કેનિંગ પ્રક્રિયા દ્વારા આંખના રોગો અને પરિસ્થિતિઓને શોધી શકે છે.

પોતાની એપને એપ સ્ટોર પર સબમિટ કર્યા પછી, ૧૧ વર્ષની લીનાએ LinkedIn પર તેની સિદ્ધિ શેર કરી અને જ્યારે લોકોએ પોસ્ટ જોઈ ત્યારે તેને ઘણી હકારાત્મક પ્રતિક્રિયાઓ મળી. લીનાએ જેમાં આર્કસ, મેલાનોમા, ટેરિગિયમ અને મોતિયા સહિત સંભવિત આંખોના રોગો અથવા સ્થિતિઓના નિદાન માટે પ્રશિક્ષિત મોડલનો ઉપયોગ કર્યો અને આ એપ કેવી રીતે કામ કરે છે. તેની એક વિસ્તૃત વ્યાખ્યા શેર કરી. એક LinkedIn પોસ્ટમાં, ૧૧ વર્ષીયએ તેની એપના વિકાસ પાછળની વાર્તા શેર કરતા કહ્યું કે તેણે ૧૦ વર્ષની ઉંમરે તેના પર કામ કરવાનું શરૂ કર્યું હતું.

### એર સ્ટ્રીપવાળા રસ્તાનું અટકી ગયેલું કામ આગળ ચાલ્યું

# ખંભાળિયા નજીક નવનિર્માણ થતા નેશનલ હાઈવેમાં બાકી રહેતા રહેતા રોડનું કામ શરૂ થશે

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના દેવરીયા ગામથી દ્વારકા નજીક આવેલા કુરંગા ગામ સુધી રૂપિયા ૧,૧૦૦ કરોડના ખર્ચે નવા ફોર લેન સીસી રોડનું કામ આશરે ત્રણ વર્ષ પૂર્વે શરૂ થયું હતું. જે મહદ અંશે થઈ ચૂક્યું છે. આ રોડ વચ્ચે ખંભાળિયા તાલુકાના હંજડાપર ગામના પાટીયા પાસેથી લીંબડી - હરિયાવડ ગામ વચ્ચે છ કિલોમીટરની એર સ્ટ્રીપ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ કોઈ કારણોસર આ રસ્તાનું કામ ટલ્લે ચડ્યું હોય, નવા બની ગયેલા આખા ફોર લેન સીસી રોડ વચ્ચે આ છ કી.મી.નો પટ્ટો ખૂબ જ જર્જરિત બની રહ્યો છે. અત્યંત ખાડા-ખળબાવાળા રસ્તાથી વાહન ચાલકોને થતી વ્યાપક હાલાકી અંગે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ વિગેરેને કરવામાં આવેલી રજૂઆતો બાદ તંત્ર દ્વારા આ રસ્તાને ૩૦ મીટર પહોળાઈનો નવેસરથી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જેનું કામ નેશનલ હાઈવે ઓથોરિટીના માર્ગદર્શન હેઠળ શરૂ કરી દેવામાં આવ્યું છે. એર સ્ટ્રીપનો રસ્તો કે જે ૬૦ મીટરનો બનવાનો હતો, તે હાલ જમીન સંપાદનના કારણે ૩૦ મીટરનો બનશે અને કામગીરી પૂર્ણ થઈ ગયા બાદ આગામી સમયમાં સંપૂર્ણ ૬૦ મીટરનો બનાવવામાં આવશે. હાલ ખખડધજ રસ્તાથી વાહન ચાલકોને મુક્તિ મળશે. આ અંગેની બેઠક અહીંના પ્રાંત અધિકારી પાર્થ કોટડીયા તેમજ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ વચ્ચે પણ યોજાઈ હતી.



જ્યારે મુકેશ અંબાણીએ રિલાયન્સ જીયો લોન્ચ કરીને સસ્તો પ્લાનની સાથે ટેલીકોમ ઈન્ડસ્ટ્રીને પૂરી રીતે પાયમાલ કરી નાખી હતી. એ જ જીઓના આ પ્રકારના પગલાથી પ્રાઈવેટ પ્લેયર્સ માર્કેટમાંથી આઉટ થઈ ગયા હતા. કઈક આવી જ રીતે મુકેશ અંબાણી પોતાના એફએમસીજી સેગ્મેન્ટમાં પણ કરવા જઈ રહ્યા છે. રિલાયન્સનું આ પ્રકારનું પગલું ઘણી કંપનિયોને મુશ્કેલીઓ ઉભી કરી શકે છે. એનું કારણ એ છે કે, મોંઘવારીના કારણે વસ્તુઓના ઓછા ભાવથી લોકો આકર્ષિત થશે. જો ગ્રાહકને લાગશેકે ગુણવત્તા સારી છે. તો તે પ્રોડક્ટ્સ ફરી યૂઝ કરશે નહીં તો નહીં કરે. હાલના સમયમાં રિલાયન્સ રિટેલ વેંચર્સ લિમિટેડમા સહયોગીકંપની આરસીપીએલની પ્રોડક્ટસ હજુ ઓછા માર્કેટમાં છે. કંપની ઈન પ્રોડક્ટ્સને પેન ઈન્ડિયા લેવલ પર પહોંચાડવા માટે ડીલરશિપ નેટવર્ક ઉભુ કરવામાં લાગી છે.



આજની યંગપેઢીને સૌથી વધારે ટીવી જોવાનું, મોબાઈલનો ઉપયોગ કરવાનું અને કોમ્પ્યુટર પર ગેમ્સ રમવાનું ગમે છે અને રીફ્રેક્ટિવ નંબર છતાં તેઓ લાંબા સમય સુધી ટીવી અથવા સ્ક્રીન જોવા માટે તેમની આંખો પર દબાણ કરે છે. કે, તે ચોક્કસપણે અમુક સમય માટે આંખો પર દબાણ લાવે છે. જો તમારું બાળક લાંબા સમય સુધી ટીવી, કોમ્પ્યુટર કે સ્ક્રીન તરફ

# શું તમારા બાળકો ટીવીની એકદમ નજીકથી જુએ છે તો રહેજો સાવધાન, બાળકોની આંખોમાં થશે આ રોગ

ખાસ કરીને રજાના દિવસે કલાકો સુધી તેઓ ગેજેટ્સ સાથે જોડાયેલા રહે છે. બાળક કલાકો સુધી ટીવી જોતા રહેતા હોય કે સ્ક્રીનની સામે બેસી રહેતા હોય તો માતા-પિતાના મનમાં વારંવાર પ્રશ્ન ઉદ્ભવે છે કે ટીવી કે કોમ્પ્યુટરની ખૂબ નજીક બેસવાને કારણે બાળકને માયોપિયા ન થઈ જાય કે તેને નજીકના ચશ્મા ના આવી જાય.

ડૉક્ટરોનું કહેવું છે કે ટીવી, કમ્પ્યુટર કે મોબાઈલ ફોનનો લાંબા સમય સુધી ઉપયોગ કરવાથી માયોપિયા અથવા અસ્ટીગ્મેટિઝમ અથવા બંને થઈ શકે છે. બાળકોની આંખો નરમ હોય છે અને તેમની આંખોના કોર્નિયાનું કોલેજન ખૂબ નરમ હોય છે. જ્યારે પણ બાળકો આ ગેજેટ્સનો ઉપયોગ કરે છે, ત્યારે તેઓ તેમની આંખોને યોગ્ય રીતે ઝબકાવતા નથી અને ઓછઆ

ડોક્ટર કહે છે કે બાળકોને આંખના નિષ્ણાતને બતાવવામાં આવે છે, ત્યારે આ બાળકોને મધ્યમથી ઉચ્ચ માયોપિયા અથવા અસ્ટીગ્મેટિઝમ અથવા બંનેનું નિદાન થાય છે. શરૂઆતમાં આ ફેરફારોને સુધારી શકાય છે પરંતુ દરેક કિસ્સામાં આ શક્ય નથી. જો બાળક નાની સ્ક્રીન પર નજીકથી જુએ છે, તો આ રીફ્રેક્ટિવ એરરનું જોખમ વધુ છે.

અમેરિકન ઓપ્ટોમેટ્રિક એસોસિએશનના જણાવ્યા અનુસાર લાંબા સમય સુધી કમ્પ્યુટર, ટેબલેટ, મોબાઈલ કે સ્ક્રીનનો ઉપયોગ કરવાથી આંખો પર દબાણ આવે છે અને આંખો અને આંખોને લગતી સમસ્યાઓનું જોખમ રહે છે. તેને કમ્પ્યુટર વિઝન સિન્ડ્રોમ કહેવામાં આવે છે. જો કે, મોન્ટ્રીયલ ચિલ્ડ્રન્સ હોસ્પિટલનું કહેવું છે કે ટીવીને નજીકથી જોવાથી આંખોને નુકસાન થાય તેવા કોઈ પુરાવા નથી. જો જુએ છે, તો તે કદાચ આંખો ઝબકાવશે નહીં કે ઓછી ઝબકાવશે. તમે બાળકને બ્રેક લેતા રહેવાનું કહો અને તેને દૂરથી ટીવી વગેરે જોવાનું કહો.

હકીકતમાં, પુખ્ત વયના લોકોની તુલનામાં, બાળકો વધુ નજીકથી ધ્યાન કેન્દ્રિત કરવામાં સક્ષમ છે અને તેમની આંખો પર વધુ દબાણ પડતું નથી. જો કે, કોઈ પણ સંજોગોમાં સ્ક્રીનને ખૂબ નજીકથી જોવું યોગ્ય નથી. જો તમારું બાળક ટીવીની નજીક બેસીને સ્ક્રીન તરફ જોઈ રહ્યું હોય, તો તેની પાસે પહેલેથી જ નબળી દ્રષ્ટિ હોઈ શકે છે. આવી સ્થિતિમાં તમારે તાત્કાલિક આંખના નિષ્ણાતને મળવું જોઈએ. લાંબા સમય સુધી ટીવી જોવાથી માત્ર માયોપિયા અથવા આંખોને લગતી સમસ્યાઓ જ નહીં પણ બાળકમાં સ્થૂળતાનું જોખમ પણ વધી શકે છે.

હવે ગાડી વેચવાની ચિંતા નહી.
તમારા શહેરમાં લાવી રહ્યા છીએ
ગાડી વેચવાનું સારૂ પ્લેટફોર્મ
8000760909 | 9898063064
ગાડી-સ્કુટર વેચાશે ફટાફટ...

# રાજયભરના શિક્ષકોને હવે બાળકોના વાલીઓના ઈ-શ્રમ કાર્ડ બનાવવા પડશે

અમદાવાદ, તા.૨૮

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકોને એક પછી એક બિનશૈક્ષણિક કામગીરી સોંપવામાં આવતી હોય છે, જેમાં હવે કોર્પોરેશન હસ્તકની પ્રાથમિક સ્કૂલોના શિક્ષકોને બાળકોના વાલીઓના ઈ-શ્રમ બનાવવાની કામગીરી સોંપવા માટે પરિપત્ર કરાયો છે. આમ, વધુ એક પ્રકારની કામગીરી શિક્ષકો ઉપર થોપી દેવાતા શિક્ષકોમાં આક્રોશ ફેલાયો છે. જેમાં ૩૧ માર્ચ સુધીમાં ૧૦૦ કે તેથી વધુ ઈ-શ્રમ કાર્ડ કાઢવા માટે તાકીદ કરવામાં આવી છે. આ પરિપત્રને લઈને શિક્ષકો અકળાયા હોવાથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોને ઈ-શ્રમ કાર્ડ બનાવવાની કામગીરીમાંથી મુક્તિ આપવા માટે માંગણી કરી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા મ્યુનિ. સ્કૂલોના શિક્ષકોને ઈ-શ્રમની કામગીરીમાં જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે કરવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, મ્યુનિ. શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ પાસે ઈ-શ્રમ કાર્ડ છે કે કેમ તે અંગેની વિગતો એકત્ર કરવા માટે સ્કૂલના શિક્ષકોને સુચના અપાઈ છે. જેમાં દરેક શાળામાંથી ધોરણ-૧થી ૫ના ૧ શિક્ષક અને ધોરણ-૬થી ૮ના ૧ શિક્ષકને આ અંગેના કો-ઓર્ડિનેટર તરીકે નિમવા માટે પણ પરિપત્રમાં સુચના અપાઈ છે. આ કો-ઓર્ડિનેટરો ૩૧ માર્ચ સુધીમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓના ૧૦૦ કે તેથી વધુ ઈ-શ્રમ કાર્ડ મેળવે તે અંગે તાકીદ કરવામાં આવી છે. શિક્ષકોને ઈ-શ્રમ કાર્ડની કામગીરી સોંપવાના નિર્ણયસામે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે પત્ર લખી શિક્ષકોને કામગીરીમાંથી મુક્તિ આપવા માટે માંગણી કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, નગર પ્રાથમિક શિક્ષક સમિતિ અમદાવાદના શિક્ષકોને હાલમાં બાળકોના વાલીઓના ઈ-શ્રમ કાર્ડ બનાવવાની કામગીરી આપવામાં આવી છે. ઘણી બધી બિનશૈક્ષણિક કામગીરી ઉપરાંત આ એક નવી ઈ-શ્રમ કાર્ડની કામગીરી આપવાથી બાળકોના શિક્ષણ કાર્ય ઉપર અસર થવાની શક્યતાઓ રહેલી છે. હાલમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઘણા બધા શિક્ષકો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાની કામગીરીમાં મુક્વામાં આવ્યા છે. જ્યારે ૩ એપ્રિલથી ધોરણ-૩થી ૮ની પરીક્ષાઓ શરૂ થવાની છે ત્યારે બાળકોની પરીક્ષાની તૈયારી માટે હાલનો સમય ખુબ જ મહત્વનો છે અને તે દરમ્યાન ઈ-શ્રમ કાર્ડની કામગીરી આપવાથી બાળકોના શિક્ષણ ઉપર ગંભીર અસર થશે. જેથી આ કામગીરીમાંથી સત્વરે શિક્ષકોને મુક્તિ આપવામાં આવે તેવી માંગણી કરાઈ છે.

# લંડનમાં ભારતીય હાઈ કમિશન ખાતે ખાલિસ્તાની તરફી વિરોધ પ્રદર્શન સંબંધમાં કેસ દાખલ : દિલ્હી પોલીસ

લંડન, તા.૨૮

દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે ૧૯ માર્ચ, ૨૦૨૩ના રોજ લંડનમાં ભારતીય હાઈ કમિશનની સામે વિરોધ પ્રદર્શનના સંબંધમાં કેસ નોંધ્યો છે પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. પંજાબમાં સુરક્ષા દળો દ્વારા વારિસ પંજાબ દે જૂથ ઉપર શરૂ કરાયેલા દરોડા સામેના પ્રદર્શનનો ભાગ બનેલા વિરોધીઓના એક જૂથે ભારતીય હાઈ કમિશનની બારીઓમાં તોડફોડ કરી હતી. દેખાવકારોએ ખાલિસ્તાની તરફી સૂત્રોચ્ચાર કર્યા અને હાઈ કમિશનમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો દેખાવકારોમાંથી એક કમિશનની બાલ્કની ઉપર ચઢી ગયો જેણે ભારતીય ત્રિરંગો નીચે ઉતારી ફેંક્યો હતો. હાઈ કમિશનના અધિકારી દ્વારા શેર કરવામાં આવેલ વીડિયો હાઈ કમિશનના સ્ટાફના એક સભ્યને ત્રિરંગો સુરક્ષિત કરતા અને ઈમારતની અંદર કોઈને સોંપતા જોવા મળે છે. ભારતીય દંડ સંહિતાની ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અને જાહેર સંપત્તિને નુકસાન અટકાવવાના કાયદાની યોગ્ય કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે, તપાસ શરૂ કરવામાં આવી છે કારણ કે, તેમાં વિદેશમાં ભારતીય નાગરિકતા ધરાવતા કેટલાક લોકો દ્વારા કરવામાં આવતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામેલ છે. ગૃહ મંત્રાલયે આયોગની બહાર બનેલી ઘટના અંગે વિદેશ મંત્રાલયના અહેવાલના આધારે દિલ્હી પોલીસને યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યા બાદ કેસ નોંધવામાં આવ્યો હતો. ભારતને યુકેમાં ભારતીય રાજદ્વારી પરિસર અને કર્મચારીઓની સુરક્ષા માટે યુકેની ઉદાસીનતા અસ્વીકાર્ય લાગે છે. હુમલાના જવાબમાં બ્રિટિશ હાઈ કમિશ્નર એલેક્સ એલિસે ટ્વિટ કર્યું હતું કે, હું લંડનમાં ભારતીય હાઈ કમિશનના લોકો અને પરિસર સામેના અપમાનજનક કૃત્યોની નિંદા કરૂં છું જે સંપૂર્ણપણે

# રાહુલ ગાંધીની સદસ્યતા રદ થવી કોંગ્રેસ માટે લાભદાયક બની શકે છે : નિષ્ણાંતો



નવી દિલ્હી તા.૨૮

લોકસભા સચિવાલયે શુક્રવારે સંસદના નીચલા ગૃહમાંથી ગાંધીને ગેરલાયક ઠેરવવાની સૂચના આપી હતી, આ પગલું સુરતની એક અદાલતે કોંગ્રેસના સાંસદને ૨૦૧૯ના ફોજદારી માનહાનિના કેસમાં દોષિત ઠેરવ્યા અને તેમને બે વર્ષની જેલની સજા ફટકારી તે પછી લેવામાં આવ્યું છે. જો કે કોંગ્રેસે તેને "ભારતીય લોકશાહી માટે કાળો દિવસ" ગણાવ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું કે આ લડાઈ કાયદેસર અને રાજકીય રીતે બંને રીતે લડવામાં આવશે. જેએનયુની સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સના પ્રોફેસર એમેરેટસ ઝોયા હસણ કહે છે કે, આ ક્ષણે રાહુલગાંધી અને કોંગ્રેસ માટે આ એક મોટો ફટકો છે, જો કે કોઈ એવી દલીલ પણ કરી શકે છે કે 'ભારત જોડો યાત્રા'ની વધતી જતી લોકપ્રિયતાની પૃષ્ઠભૂમિ સામે તેમને લોકસભામાંથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા તેનો લાંબા ગાળે લાભ થઈ શકે છે. તેણીએ કહ્યું કે ગાંધી એક હીરો તરીકે ઉભરી શકે છે અને નિર્દય રાજકીય વ્યવસ્થાનો ભોગ પણ બની શકે છે. જો કે, હસને કહ્યું કે જો ગાંધીને ઉચ્ચ અદાલતમાંથી કોઈ રાહત ન મળે અને ગેરલાયક ઠરે તો તે સમસ્યારૂપ બની શકે છે. વર્તમાન લોકસભાની બાકીની મુદત માટે તેમની ગેરલાયકાત એ કોઈ ગંભીર વાત નથી કારણ કે સંસદનું આ સત્ર ધોવાઈ ગયું છે, અને હવે માત્ર બે કે ત્રણ સત્રો યોજવાના બાકી છે. પરંતુ જો તે આગામી લોકસભા ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠરે તો તેમના માટે આંચકો હશે. તેણીએ કહ્યું કે, તે સમસ્યારૂપ હોઈ શકે છે, તેઓ લોકોમાં લોકપ્રિય હોઈ શકે છે પરંતુ જ્યારે કોઈ નેતા ચૂંટણી ન લડી શકે ત્યારે તે પક્ષનું નેતૃત્વ કેવી રીતે કરશે. જીસસ એન્ડ મેરી કોલેજના પોલિટેકનિક સાયન્સના પ્રોફેસર સુશીલા રામસ્વામીએ જણાવ્યું હતું કે ગાંધીની ગેરલાયકાત તેમના પ્રત્યે જાહેર સહાનુભૂતિમાં પરિણમી શકે છે. મોદી અટક ઉપર રાહુલ ગાંધીની ટિપ્પણીની બાબતને નજરઅંદાજ કરવી જોઈતી હતી કારણ કે આ પ્રકારે ભાજપના નેતાઓએ પણ વિપક્ષના સભ્યો ઉપર ભૂતકાળમાં અનેક પ્રકારના આરોપો લગાવ્યા છે. ગાંધીની ગેરલાયકાત અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના પૂર્વ નેતા સંજય ઝાએ જણાવ્યું હતું કે આવતા વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા ભાજપે સમગ્ર વિપક્ષને એક કર્યા છે. એક ટ્વિટમાં તેમણે કહ્યું કે, ૨૦૨૪ની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે જ સમગ્ર વિપક્ષને એક કરી દીધા છે. દરેક રાજકીય પક્ષ આ ક્રૂર શાસનને હરાવવા માટે કામ કરે અને ૨૦૧૪ પછી ભારતના સૌથી કાળા યુગનો અંત લાવે તે સમય આવી ગયો છે. રૂટ સ્ટૉક ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર મયંક જૈન પણ કહે છે કે લોકસભામાંથી તેમની ગેરલાયકાત એ ગાંધીને વધુ યોગ્યતા અથવા પ્રયત્નો વિના લોકોની સહાનુભૂતિ આપી શકે છે. તમારા પ્રતિસ્પર્ધીને ક્યારેય લાઈમલાઈટમાં ન લાવવા જોઈએ, ખાસ કરીને હંમેશા તેની ટીકા કરીને. ઈન્દિરા ગાંધીની જેમ જ, રાહુલ જેવા પ્રતિસ્પર્ધી વધુ યોગ્યતા અથવા પ્રયત્નો વિના

# હાલમાં સોનાની ખરીદી શા માટે ન કરવી જોઈએ ?

મુંબઈ તા.૨૮

સોનાના ભાવ છેલ્લા કેટલાક દિવસોમાં નજીવા સુધારા સાથે સર્વકાલીન ઊંચાઈને સ્પર્શી રહ્યા છે. રૂા.૬૦,૦૦૦ના સ્તર ઉપર આવ્યા પછી સોનાના ભાવમાં આગામી મહિનામાં આવી જ તેજી ચાલુ રહેવાની ધારણા છે. અનિશ્ચિતતાના આ સમયમાં સોનાને પરંપરાગત રીતે સુરક્ષિત રોકાણ તરીકે જોવામાં આવે છે. હાલમાં ચાલી રહેલ રશિયા-યુક્રેન યુદ્ધ, વૈશ્વિક આર્થિક ઉથલપાથલ અને નવી ઉભરતી બેંકિંગ કટોકટીએ વિશ્વભરના ઘણા લોકો માટે સોનાને રોકાણને ફરજિયાત બનાવી દીધું છે. પરંતુ શું તમારે આ સમયે સોનું ખરીદવું જોઈએ, સોનું વેચવું જોઈએ કે સોનું રાખી મૂકવું જોઈએ ? **TOI** વોલેટ ટોક્સના આ સપ્તાહના એપિસોડમાં



મોતીલાલ ઓસ્વાલ ફાયનાન્સિયલ સર્વિસીસના સીનિયર વી.પી. નવનીત દામાણી કોમોડિટીમાં સોના અંગેના તેમના અંદાજ વિશે વાત કરે છે અને તેઓ સમજાવે છે કે, શા માટે સોનું ખરીદવાનો આ શ્રેષ્ઠ સમય નથી. દામાણી અન્ય રોકાણ વિકલ્પો જેમ કે ઈક્વિટી, સિલ્વર અને બેંક એફડી વિશે પણ વાત કરતા કહે છે કે, અમે છેલ્લા ઘણા સમયથી ચાંદીમાં તેજી જોઈ રહ્યા છીએ અને મને લાગે છે કે, ચીનની માંગને લીધે કદાચ ચાંદીના ભાવ વધી શકે છે. ઉપરાંત, તુલનાત્મક સંખ્યા જોઈએ તો ભારતે ગયા વર્ષે ૨૦૨૨માં લગભગ ૯૪૦૦-૯૫૦૦ ટન ચાંદીની આયાત કરી હતી જ્યારે વિશ્વનું ઉત્પાદન લગભગ ૨૫,૦૦૦ ટન છે. તેઓ કહે છે કે, સોનું તમારા રોકાણ માટે સારૂં છે પણ તેના ભાવ ઉચ્ચ છે તો પછી ખરીદીનો શ્રેષ્ઠ માર્ગ ક્યો છે ? ગોલ્ડ **ETF**, સોવરિન ગોલ્ડ બોન્ડ, બુલિયન અથવા ગોલ્ડ જ્વેલરી. ગોલ્ડ **ETF** એ એવા વિકલ્પોમાંનો એક છે જે ખૂબ જ પ્રચલિત છે પરંતુ ગોલ્ડ **ETF** એ છેલ્લા કેટલાક વર્ષોમાં વ્યાજ દરમાં અને ડ્યૂટી ફેરફારોને કારણે ભૌતિક બજારમાં અથવા એક્સચેન્જમાં સોનાના ભાવની સરખામણીમાં ઓછું પ્રદર્શન કર્યું છે. નિષ્ણાતો દ્વારા સરળ શબ્દોમાં તમારી કેટલીક મહત્ત્વપૂર્ણ વ્યક્તિગત ફાઈનાન્સ ક્વેરીઝને સમજાવવા માટે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા વોલેટ ટોક્સનો સાપ્તાહિક એપિસોડ જોવો જોઈએ. સોનું, ફિક્સ્ડ ડિપોઝિટ, મ્યુચ્યુઅલ ફંડ્સથી માંડીને ટેક્સ પ્લાનિંગ અને ઈન્કમ ટેક્સ ફાઈલિંગ સહિત આ વોલેટ ટોક્સ શૉ બધા અંગે માહિતગાર અભિપ્રાયો પ્રદાન કરે છે.

# મધ્યપ્રદેશમાં ૧૦ માળનું અને લગભગ ૧૦૦ કરોડના ખર્ચે બનનારૂં ભાજપનું આધુનિક કાર્યાલય



ભોપાલ, તા.૨૮

આ વર્ષના અંતમાં મધ્ય પ્રદેશમાં ચૂંટણીઓ આવી રહી છે, મધ્ય પ્રદેશ ભાજપમાં ઘણું બદલાઈ રહ્યું છે, ભોપાલમાં પાર્ટી કાર્યાલય પણ નવું બની રહ્યું છે. ૩૨ વર્ષ પછી, ભાજપ લગભગ રૂા.૧૦૦ કરોડના ખર્ચ સાથે અત્યાધુનિક પાર્ટી કાર્યાલયનું નિર્માણ કરી રહી છે. તેનું વર્તમાન માળખું ૧૯૯૧માં સુંદરલાલ પટવા સરકાર દરમ્યાન રૂા.૨ કરોડના ખર્ચ સાથે બનાવવામાં આવ્યું હતું અને તે દેશના સૌથી મોટા પાર્ટી કાર્યાલયો પૈકી એક ગણવામાં આવે છે. બીજેપી ચીફ જેપી નડ્ડા નવી ઈમારતનું મધ્યપ્રદેશમાં બીજેપીના નવા કાર્યાલયનું મોડેલ ભૂમિપૂજન અને શિલાન્યાસ સમારોહ કરશે. મધ્ય પ્રદેશ ભાજપના પ્રમુખ વીડી શર્માએ જણાવ્યું હતું કે, ભાજપે સમગ્ર દેશના દરેક જિલ્લામાં એક કાર્યાલય બનાવવાનું નક્કી કર્યું હતું, તે ભોપાલમાં લાંબા સમયથી પેન્ડિંગ હતું. હવે પાર્ટીના કાર્યકરોની જરૂરિયાત મુજબ નવી ઓફિસ બનાવવામાં આવી રહી છે. નવી ઓફિસ આધુનિકતાથી સજ્જ હશે. તેમાં અનેક સુવિધાઓ હશે. તેને ત્રણ ભાગમાં વહેંચવામાં આવશે સંકલ્પસંકુલ, મુખ્ય કાર્યાલય, સમર્પણ સંકુલ, નેતાઓના નિવાસસ્થાન અને સહયોગ સંકુલ, કર્મચારીઓના નિવાસસ્થાન. આ નવી ઈમારત દસ માળની હશે. તેમાં ૧,૦૦૦ લોકો બેસી શકે તેવું ઓડિટોરિયમ પણ હશે. ભાજપ તેના જૂના કાર્યાલયમાંથી ૬ વિધાનસભા ચૂંટણી લડી ચુકી છે, તેઓ ૩ વખત જીત્યા છે, જ્યારે ૧૯૯૩, ૧૯૯૮ અને ૨૦૧૮ની ચૂંટણીમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો.

# ૨૦૫૦ સુધીમાં ૨.૪ અબજની વૈશ્વિક શહેરી વસ્તીને પાણીની અછતનો સામનો કરવાનો અંદાજ : ભારત સૌથી વધુ અસરગ્રસ્ત હશે તેવી સંભાવના : UN રિપોર્ટ

(એજન્સી) તા.૨૮

યુએન ૨૦૨૩ વોટર કોન્ફરન્સ પહેલા મંગળવારે જારી કરાયેલ 'યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ વોટર ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૨૩ઃ પાર્ટનરશિપ્સ એન્ડ કોઓપરેશન'માં જણાવ્યું છે કે પાણીની તંગીમાં જીવતા લગભગ ૮૦% લોકો એશિયામાં રહે છે; ખાસ કરીને, ઉત્તરપૂર્વીય ચીન, તેમજ ભારત અને પાકિસ્તાન. પાણીની અછતનો સામનો કરી રહેલી વૈશ્વિક શહેરી વસ્તી ૨૦૧૬ માં ૯૩૩ મિલિયન (વૈશ્વિક શહેરી વસ્તીનો એક તૃતીયાંશ) થી વધીને ૨૦૫૦માં ૧.૭-૨.૪ અબજ લોકો થવાનો અંદાજ છે, જેમાં ભારત સૌથી ગંભીર રીતે અસરગ્રસ્ત છે. યુનેસ્કોના ડાયરેક્ટર-જનરલ ઓડ્રે અઝોલેએ જણાવ્યું હતું કે, વૈશ્વિક જળસંકટને નિયંત્રણમાંથી બહાર નીકળતું અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય મિકેનિઝમ્સ સ્થાપિત કરવાની તાત્કાલિક જરૂર છે. પાણી એ આપણું સામાન્ય ભાવિ છે અને તેને સમાનરૂપે વહેંચવા અને તેનું યોગ્ય સંચાલન કરવા માટે સાથે મળીને કાર્ય કરવું જરૂરી છે. વૈશ્વિક સ્તરે, બે અબજ લોકો પાસે પીવાનું શુદ્ધ પાણી નથી અને ૩.૬ અબજ લોકો પાસે સુરક્ષિત રીતે સંચાલિત સ્વચ્છતાની ઍક્સેસ નથી. જો આપણે તેને સંબોધિત નહીં કરીએ, તો ચોક્કસપણે વૈશ્વિક કટોકટી સર્જાશે. શહેરી અને ઔદ્યોગિક વિકાસથી લઈને કૃષિએ વિશ્વના ૭૦ ટકા પાણી પુરવઠાનો વપરાશ કરે છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે અહેવાલમાં જણાવ્યું હતું કે પાણી માનવતાનું જીવન છે. તે અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ છે અને લોકો અને પૃથ્વીના સ્વાસ્થ્ય, સ્થિતિસ્થાપકતા, વિકાસ અને સમૃદ્ધિને સમર્થન આપે છે. તેમણે જણાવ્યું હતું કે અહેવાલ અમને યાદ અપાવે છે કે ભાવિ પેઢીઓ માટે આ અમૂલ્ય સંસાધનનું રક્ષણ અને સંરક્ષણ ભાગીદારી પર આધારિત છે. વિશ્વના જળ સંસાધનોના સ્માર્ટ મેનેજમેન્ટ અને સંરક્ષણનો અર્થ એ છે કે સરકારો, વ્યવસાયો, વૈજ્ઞાનિકો, નાગરિક સમાજ અને સમુદાયોએ એકસાથે નક્કર ઉકેલો ડિઝાઈન કરવા જોઈએ. ૨૦૨૩ યુનાઈટેડ નેશન્સ વોટર કોન્ફરન્સ એ સામૂહિક પ્રગતિ માટેની નિર્ણાયક ક્ષણ છે. પાણી એ ભાગીદારી અને સહકારના મુખ્ય ક્ષેત્રોમાં ફેલાયેલા જળ વ્યવસ્થાપન માટે સંકલિત અભિગમ માટે ચાવીરૂપ છે. જળ-ઊર્જા-ખાદ્ય જોડાણ પણ આંતર-બાઉન્ડ્રી સંદર્ભમાં મહત્વપૂર્ણ છે. આ મુદ્દાને સંબોધતી એક ભાગીદારી ભારત અને નેપાળ વચ્ચે મહાકાલી સંધિ (પંચેશ્વર બહુહેતુક પ્રોજેક્ટ) દ્વારા સ્થાપિત ટ્રાન્સબાઉન્ડરી વોટર કોઓપરેશન વ્યવસ્થા છે, જેનો ઉદ્દેશ્ય બંને પક્ષો માટે જળ અને ઉર્જા સુરક્ષા પ્રાપ્ત કરવાનો છે. પંચેશ્વર બહુહેતુક પ્રોજેક્ટ લાંબા સમયથી વિલંબિત હોવા છતાં, સિંચાઈ અને પૂર નિયંત્રણ અને ઉર્જાની અછત ઘટાડવાના સંદર્ભમાં ઘણી લાભદાયી અસરો છે. અહેવાલમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે જ્ઞાનના સ્થાનાંતરણને બદલે જ્ઞાન સહ-નિર્માણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી ભાગીદારીનો હેતુ જ્ઞાન પ્રણાલીમાં કુશળતા અને અનુભવની વિવિધતાને સ્વીકારવાનો છે. આ ખાસ કરીને પાણીના સંદર્ભમાં સંબંધિત છે. રિપોર્ટમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે કટોકટી પ્રતિસાદ કાર્યક્રમના ભાગ રૂપે કે જે નિર્ણાયક ક્ષણોમાં વિશ્વસનીય માહિતી અને સંસાધનો પ્રદાન કરવાનો હેતુ ધરાવે છે, ગૂગલે ૨૦૧૮ માં પૂરની આગાહીની પહેલ શરૂ કરી હતી, જેમાં વિનાશક નુકસાનને અટકાવવાના લક્ષ્ય સાથે સચોટ અને વિગતવાર ચેતવણીઓ આપવામાં આવે છે. ભારતીય સેન્ટ્રલ વોટર કમિશન અને બાંગ્લાદેશ જળ વિકાસ બોર્ડ સાથે ભાગીદારીમાં કામ કરીને, ૨૨૦ મિલિયનની વસ્તીવાળા ભારત અને બાંગ્લાદેશના વિસ્તારોને આવરી લીધા છે. અગાઉના વૈશ્વિક પૂરની ચેતવણીઓ માત્ર નદીઓની મર્યાદિત માહિતી પ્રદાન કરતી હતી, જે જોખમ ધરાવતા લોકો માટે હંમેશા અર્થપૂર્ણ ન હતી. **Google**ની પૂર ચેતવણીઓ **Google Maps** ઉપર જ સંભવિત પૂરની હદ અને ઊંડાઈ દર્શાવીને આ મહત્વપૂર્ણ માહિતી આપે છે. વૈશ્વિક કટોકટીમાં સંભવિત "પાણી યુદ્ધો" વિશેના પ્રશ્નોના જવાબમાં, કોનરે જણાવ્યું હતું કે આ આવશ્યક કુદરતી સંસાધન સંઘર્ષને બદલે શાંતિ અને સહકાર તરફ દોરી જવો જોઈએ. ૧૫૩ દેશો લગભગ ૯૦૦ નદીઓ, સરોવરો અને જળચર પ્રણાલીઓ શેર કરે છે અને તેઓએ કરારો ઉપર હસ્તાક્ષર કર્યા છે જે સંઘર્ષ અને વધતા તણાવને ટાળવા માટે આંતર સરહદી સહકારને મજબૂત બનાવવાનું મુખ્ય સાધન છે.

# ટીબીના વધુ નવા કેસો સામે આવી રહ્યા છે, પરંતુ તે રોગચાળા પહેલાના સ્તર જેટલા નથી : આરોગ્ય મંત્રાલય



નવી દિલ્હી તા.૨૮

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યુ છે કે, કોવિડ રોગચાળાને કારણે ૨૦૨૦માં ક્ષય રોગ (ટીબી)ના કેસ ઓછા નોંધાયા હતા, તે હવે ફરી વધવા માંડ્યા છે પરંતુ ૨૦૧૯ના ૧૭૬.૨ કેસો પ્રતિ લાખ વસ્તીના સ્તરે હજુ સુધી પહોંચયા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે વારાણસીમાં આયોજિત 'વન વર્લ્ડ ટીબી' કાર્યક્રમમાં જાહેર કરેલા 'ઇન્ડિયા ટીબી રિપોર્ટ ૨૦૨૩' દર્શાવે છે કે આ રોગ માટે હાલમાં પ્રતિ લાખ વસ્તી દીઠ ૧૭૨ કેસ છે. આ રિપોર્ટ અનુસાર, ૨૦૨૦માં તે ઘટીને ૧૩૧.૫ કેસ પ્રતિ લાખ ઉપર આવી ગયા હતા. વર્ષ ૨૦૨૨ ભારતમાં ટીબી સર્વેલન્સ પ્રયાસો માટે એક સીમાચિહ્નરૂપ વર્ષ છે, જેમાં ૨૪.૨ લાખ કેસોનો રેકોર્ડ છે જે ૨૦૨૧ની સરખામણીમાં ૧૩ ટકાનો વધારો દર્શાવે છે. આરોગ્ય મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૨૨માં **MDR/RR** (મલ્ટિડ્રગ-રેઝિસ્ટન્ટ અથવા રિફામ્પિસિન-પ્રતિરોધક ટ્યુબરક્યુલોસિસ) ટીબીના કુલ કેસોની સંખ્યા ૬૩,૮૦૧ છે. આ કેસ શોધવાના પ્રયત્નો (નિષ્ક્રિય અને સક્રિય કેસ બંને) કરવામાં આવી રહ્યા છે અને આ પ્રોગ્રામ હેઠળ ઉપરોક્ત માહિતી પ્રાપ્ત થઈ છે. ૨૦૨૨માં, દેશ માટે અનુમાનિત ટીબી પરીક્ષણ દર (પીટીબીઈઆર) ૨૦૨૧માં ૭૬૩થી વધીને ૧૨૮૧ પ્રતિ લાખ વસ્તી (૬૮ ટકાનો વધારો) દર્શાવે છે. ભારતે ૨૦૧૨માં ક્ષય રોગને 'સૂચનાપાત્ર' રોગ જાહેર કર્યો હતો, જેના કારણે સરકારી અધિકારીઓને આ કેસની જાણ કરવી ફરજિયાત બની હતી. ૨૦૧૮માં, મોદી સરકારે આ રોગ માટે દર મહિને ૫૦૦ રૂપિયાની પોષણ સહાય પૂરી પાડવા માટે નિક્ષયપોષણ યોજના શરૂ કરી હતી. ભારતની ગીચ જીવનશૈલી, પ્રદૂષણ અને અપૂરતું પોષણને લીધે મોટાભાગના ભારતીયોમાં ટીબીના બેક્ટેરિયા હોય છે પરંતુ તેમની રોગપ્રતિકારક શક્તિ સારી હોય ત્યારે તે વ્યક્તિ આ રોગને અટકાવી શકે છે. અહેવાલમાં નિક્ષયમિત્રનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે, જે ભારત સરકારનો પ્રોજેક્ટ છે જે જાહેરમાં કોઈપણ વ્યક્તિને ક્ષય રોગના દર્દીઓને તેમની પોષણ અને તબીબી જરૂરિયાતો પૂરી પાડવા સક્ષમ બનાવે છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૩ સુધીમાં, ૫૮,૦૦૦થી વધુ નિક્ષયમિત્રો (અથવા દાતાઓ) આગળ આવ્યા છે અને ૯ લાખથી વધુ ટીબીથી અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે. વારાણસી ઈવેન્ટમાં વડાપ્રધાને ટીબી વિશે જાગૃતિ લાવવા, રોગ સાથે જોડાયેલ કલંકને દૂર કરવા અને સેવાઓ સુધારવામાં મદદ કરવા માટે ૨.૫ લાખથી વધુ ગ્રામ પંચાયતોના સમર્થનનો લાભ લેવા માટે 'ટીબી-મુક્ત પંચાયત' પહેલ શરૂ કરી હતી. મોદીએ એવી પણ જાહેરાત કરી હતી કે ૨૦૩૦ની વૈશ્વિક સમયમર્યાદાના પાંચ વર્ષ પહેલા ભારત ૨૦૨૫ સુધીમાં ટીબીને નાબૂદ કરશે. સક્રિય ટીબીના વિકાસને રોકવા માટે એક નવો નિવારક ઉપચાર પણ શરૂ કરવામાં આવ્યો છે, જેનાથી રોગના ફેલાવાને અટકાવવામાં આવે છે. સક્રિય ટ્યુબરક્યુલોસિસ એક એવી સ્થિતિ છે જેમાં માયકોબેક્ટેરિયમ, જે રોગપેદા કરતા બેક્ટેરિયા છે તેમની ઝડપી વૃદ્ધિ થાય છે અને ચેપનું કારણ બને છે. તેનાથી વિપરીત, સુપ્ત ટીબીનો અર્થ એ છે કે બેક્ટેરિયા નિષ્ક્રિય રહે છે. વારાણસીના કાર્યક્રમમાં ટીબીથી અસરગ્રસ્ત પરિવારોની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે કુટુંબકેન્દ્રિત સંભાળ મોડલની પણ જાહેરાત કરવામાં આવી હતી. નવા નિવારણ કાર્યક્રમ અંગે મોદીએ જણાવ્યું હતું કે, દર્દીઓને છ મહિનાના સમયગાળા માટે દરરોજના બદલે ત્રણ મહિના માટે અઠવાડિયામાં માત્ર એકવાર જ દવા લેવાની જરૂર પડશે.

# જૂનાગઢ જીલ્લા આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ પખવાડા-૨૦૨૩ની ઉજવણી

**૧૨૪૯ આંગણવાડી કેન્દ્રો ખાતે થીમ મુજબ વિવિધ જન જાગૃતિ માટેના કાર્યક્રમોનું આયોજન**

**પોષણ પખવાડિયાની ઉજવણીમાં મિલેટનો પ્રચાર-પ્રસાર અને તેના ઉપયોગ અંગેની જાગૃતિ માટેની પ્રવૃત્તિઓ પર ભાર મૂકાયો**





જૂનાગઢ, તા.૨૮

પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે માર્ચ માસમાં જનજાગૃતિ માટે પોષણ પખવાડીયાની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત તા.૨૦ માર્ચ થી ૩ એપ્રિલ ૨૦૨૩ સુધી પાંચમાં પોષણ પખવાડિયાની ઉજવણી થઈ રહી છે.

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મલેટ વર્ષ તરીકે જાહેર કર્યું છે. જે ધ્યાને લેતાં આ પોષણ પખવાડિયાની ઉજવણીમાં મિલેટનો પ્રચાર-પ્રસાર અને તેના ઉપયોગ અંગેની જાગૃતિ માટેની પ્રવૃત્તિઓ ઉપર ભાર મૂકવામાં આવેલ છે. આ પોષણ પખવાડા દરમ્યાન વિવિધ પ્રવૃતિઓનું આયોજન થીમ પર થઈ રહ્યું છે. જેમાં મુખ્ય પોષણ-સુખાકારી માટે શ્રીધાન્ય (મિલેટ)નો પ્રચાર અને લોકપ્રિયતા વધારવી, જિલ્લામાં સ્વસ્થ બાલક સ્પર્ધાની ઉજવણી, સક્ષમ આંગણવાડીનો પ્રચાર-પ્રસાર કરવો સહિતની થીમ નિર્ધારિત કરવામાં આવી છે.

આ પોષણ પખવાડાના ઉદેશ્યને ચરિતાર્થ કરવામાં માટે જૂનાગઢ જિલ્લામાં જુદા-જુદા વિભાગો સાથે કન્વર્જન્સથી ૧૦ ઘટકો તેમજ ૧૨૪૯ આંગણવાડી કેન્દ્રો ખાતે થીમ મુજબ જુદા જુદા વિવિધ જન જાગૃતિ માટેના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેમાં આંગણવાડી કેન્દ્રો ખાતે અનાજ અને કઠોળ તેમજ શાકભાજીની રંગોળી બનાવી, THR તથા મિલેટ ધાન્યમાંથી વિવિધ વાનગીઓ બનાવીને વાનગી નિદર્શનનું આયોજન કરાયું. તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે સ્વસ્થ બાલક સ્પર્ધાની ઉજવણી કરવામાં આવી રહી છે. સાથે સાથે સક્ષમ આંગણવાડીનો પ્રચાર-પ્રસાર પણ કરવામાં આવી રહ્યો છે. તેમજ નવા બનેલ આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રોમાં સમુદાય આધારિત કાર્યક્રમો (CBE), વર્કરબહેનો દ્વારા પ્રભાતફેરી, કિશોરીઓ સાથે મિટીંગો, ગૃહ મુલાકાતો, સ્થાનિક આગેવાનો સાથે મિટીંગ, પોષણને લગતા વર્કશોપનું આયોજન, VHSND, સ્તનપાન કરાવતી માતાઓની મીટીંગ, મુલાકાત, પૂરક આહાર વિશેની વિશેષ સમજુતી તેમજ પોષણના પાંચ સૂત્ર (પ્રથમ ૧૦૦૦ દિવસ, હાથ ધોવા, સ્વચ્છતા, ઝાડા, એનિમિયા) સમજુતી, ઈઝઝઈ પ્રવૃતિઓ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. તેમ જૂનાગઢ જિલ્લા આઈસીડીએસ શાખાના પ્રોગ્રામ ઓફિસરની યાદીમાં જણાવાયું છે.

## કેરીના સ્વાદ શોખીનો માટે ખુશ ખબર...

# રાજકોટમાં કેસર કેરીનું ધમાકેદાર આગમન, એક પેટીનો ભાવ રૂા.૧૬૦૦



રાજકોટ, તા.૨૮

ફળોની રાણી કેસર કેરીની સિઝન શરૂ થતા જ તેનું આગમન થઈ રહ્યું છે. રાજકોટ શહેરમાં કુવાડવા રોડ ઉપરની મેંગો માર્કેટમાં કેસર કેરીના બોક્ષ આજે આવી જતા એક પેટીના ભાવ એટલે કે ૧૦ કિલોની પેટીના ૧૬૦૦ રૂપિયા જેવો ભાવ નકકી થયો હતો. સ્વાદ શોખીનો અને ખાસ કરીને કેસર કેરીની આતુરતાભરી રાહ જોનારા લોકોને માટે કેસર કેરી ખુશ્બુદાર મહેક બનીને આવી પહોંચી છે. દર વર્ષે ઉનાળાની સીઝનના આગમન ટાકણે અને કાળઝાળ ગરમી વચ્ચે શરીરમાં શીતળતા અને ઠંડક સાથે તૃપ્તીનો ઓડકાર જો આવે તો કેસર કેરીનો મીઠો મધુરો રસ આપી શકે. નાનાથી લઈ મોટી ઉંમરના સૌ કોઈને મીઠો મધુરો કેરીનો રસ ભાવે જ છે અને કેસર કેરીને એટલા માટે તો ફળોમાં શ્રેષ્ઠ એવા ફળોની રાણી કહેવામાં આવે છે. જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી સહીતના વિસ્તારોમાં કેસર કેરીનું મબલખ ઉત્પાદન થતું હોય છે. સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં કેસર કેરીનું આગમન થઈ રહ્યું છે અને લોકો તેને વધાવી રહ્યા છે. તાજેતરમાં થયેલા કમોસમી વરસાદનો પગલે કેસર કેરીના પાકને ગંભીર અસર પહોંચી છે તેમ છતાં આ વર્ષે કેસર કેરીનું આગમન વહેલું થયું છે. કેરીના પ્રકારમાં જોઈએ તો કેસર કેરી, લંગડો અને હાફુસ કેરી બજારમાં વહે ચાય છે. મહારાષ્ટ્રના રત્નાગીરી પંથકમાં પાકતી હાફુસ કેરી પણ વહેચાય રહી છે. દરમ્યાન રાજકોટના કુવાડવા રોડ ઉપર આવેલા મેંગો માર્કેટમાં છેલ્લા બે દિવસથી કેસર કેરીનું આગમન થયું અને લોકો તેને ઉત્સાહભેર ખરીદી કરી રહ્યા છે.

# શિવરાત્રી પર્વે વૃદ્ધોને સોમનાથનો વસ્ત્રપ્રસાદ અને મહાપ્રસાદ પહોંચાડવાનો સેવા રથ ૧૨ જીલ્લામાં પહોંચ્યો






(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૮

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રત્યેક માસની વદ તેરસને માસિક શિવરાત્રી તરીકે ઉજવવામાં આવે છે. શિવરાત્રિના હજારો ભકતોની મેદની વચ્ચે જ્યોતપૂજન, મહાપૂજા, મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે. પરંતુ આ સાથેજ માસિક શિવરાત્રી પર દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કાર્ય કરતું સોમનાથ ટ્રસ્ટ ભક્તિ સાથે માનવતાની પૂજા પણ કરી રહ્યું છે. ૧૮ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રી ઉપર સોમનાથ ટ્રસ્ટ દ્વારા એક નવી પ્રથાનો પ્રારંભ કરાયેલ હતો. જેમાં પ્રત્યેક માસિક શિવરાત્રી ઉપર રાજયના અલગ અલગ જિલ્લાઓમાં વૃદ્ધાશ્રમ દિવ્યાંગ ગૃહોમાં સોમનાથ મહાદેવના શૃંગારમાં ઉપયોગમાં લેવાયેલ વસ્ત્ર પ્રસાદ અને સોમનાથ મહાદેવના મહાપ્રસાદ સ્વરૂપે લાડુ અને ચીકીનું વિવિધ જિલ્લાના વહીવટી તંત્રના સહયોગથી વિતરણ કરવામાં આવે છે. સામાન્ય રીતે જ્યારે શિવરાત્રીનો પર્વ અને સોમનાથ આ બે શબ્દો એક સાથે જ્યારે આવે એટલે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના પટાંગણમાં લોકો હર હર ભોલે ઓમ નમઃ શિવાયનો નાદ કરતા નજરે પડે, સોમનાથ મહાદેવના અલૌકિક શૃંગારના દર્શન, મંદિર પરિસરમાં વેદપાઠી બ્રાહ્મણો દ્વારા શ્લોકોના ઉચ્ચારણ, દિવસ દરમ્યાન થતી પૂજાઓ, મહા આરતી આવું જ ભાતચિત્ર આપણા માનસપટ ઉપર સર્જાતું હોય છે. પરંતુ પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં સોમનાથ ટ્રસ્ટે શિવરાત્રી ઉપર માનવતાની પૂજાનો પ્રારંભ કર્યો છે. "જેમનું કોઈ નથી તેમની સાથે સોમનાથ મહાદેવનો આશીર્વાદ છે" એ વાતની અનુભૂતી કરાવવાનો સોમનાથ ટ્રસ્ટે નિર્ધાર કર્યો છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી ઉપર જામનગર, સુરેન્દ્રનગર, બોટાદ, કચ્છ, પાટણ, મહીસાગર, ખેડા, નર્મદા મળી કુલ ૮ જિલ્લામાં વસ્ત્ર પ્રસાદ અને મહાપ્રસાદનું વિતરણ કરાયું હતું. ત્યારે ફાગણ માસની માસિક શિવરાત્રી ઉપર રાજ્યના ભાવનગર, મોરબી, પોરબંદર, અને વડોદરા મળી વધુ ૪ જિલ્લામાં આ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઉપરોક્ત જિલ્લાઓના કલેકટરો અને અધિકારીઓનો સંપર્ક કરીને તેઓને સોમનાથ મહાદેવનો વસ્ત્ર પ્રસાદ અને મહાપ્રસાદ અગાઉ પહોંચાડવામાં આવ્યો હતો. જેને

## ફાગણ માસની માસિક શિવરાત્રી પર ભાવનગર, મોરબી, પોરબંદર, અને વડોદરા જીલ્લામાં સોમનાથના આશીર્વાદ પહોંચ્યા

વદ તેરસ એટલેકે માસિક શિવરાત્રી ઉપર વડોદરા જિલ્લામાં કલેકટર એ.બી.ગોર દ્વારા, ભાવનગર જિલ્લામાં કલેકટર ડી.કે.પારેખ દ્વારા, મોરબી જિલ્લામાં કલેકટર જી. ટી પંડ્યા દ્વારા, તેમજ પોરબંદર જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા સોમનાથના વસ્ત્ર પ્રસાદ અને મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવેલ. અત્યાર સુધીમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા રાજ્યના ૧૨ જિલ્લાઓમાં વૃદ્ધાશ્રમો, આશ્રમશાળા, અને દિવ્યાંગ ગૃહોમાં એકસાથે સોમનાથ મહાદેવને અર્પણ કરેલ વસ્ત્રો અને પ્રસાદ રૂપે સોમનાથના, ચીક્કી અને લાડુ પ્રસાદ સાથે, વડીલો ભાઈઓને પેન્ટ અને શર્ટ પીસ, માતાઓ બેહનોને માતા પાર્વતીને અર્પણ કરાયેલ સાડીઓનું વિતરણ કરવામાં આવ્યું છે. પ્રત્યેક શિવરાત્રી પર્વ પૂર્વે સોમનાથ ટ્રસ્ટ દ્વારા જિલ્લાઓના વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને આ માનવતા સભર વસ્ત્રપ્રસાદ સેવાનું આગવું આયોજન કરવામાં આવે છે. અને વસ્ત્ર પ્રસાદ અને સોમનાથ મહાદેવનો ચીકી પ્રસાદ નિયત સ્થળોએ વહીવટી તંત્ર સુધી પહોંચાડવામાં આવે છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ટ્રસ્ટ દ્વારા રાજયના અલગ અલગ ખૂણે રહેલા જરૂરિયાત મંદોની સેવા કરવાના નિર્ધારને તમામ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહેલ છે. ગુજરાત સરકારની સંવેદનશીલતા આ વસ્ત્ર અને મહા પ્રસાદ વિતરણ કાર્યમાં ઉત્સાહપૂર્વક જોડાઈને તમામ જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા ઉજાગર કરવામાં આવી છે. અને સોમનાથ મહાદેવનો વસ્ત્રપ્રસાદ અને મહા પ્રસાદ વૃદ્ધ, દિવ્યાંગો, અને બાળકોને જિલ્લાના કલેકટરશ્રીઓ, નાયબ કલેકટરશ્રી, મામલતદારો સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ રૂબરૂ જઈને શિવરાત્રીના પર્વે પ્રેમપૂર્વક અર્પણ કરેલ. સોમનાથ ટ્રસ્ટ આગામી સમયમાં પણ પ્રતિમાસ શિવરાત્રી ઉપર રાજ્યના વધુ જિલ્લાઓમાં તંત્ર સાથે સંકલનમાં વસ્ત્ર પ્રસાદ અને મહા પ્રસાદનું વિતરણ કરશે.

## જૂનાગઢમાં સમાધીઓને રેકર્ડ ઉપર લેવા બાબતે આવેદનપત્ર અપાયું



જૂનાગઢ, તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા કુવરજીભાઈ બાવળીયા (કેબીનેટ મંત્રી)ને સંબોધીને લખાયેલું આવેદનપત્ર જૂનાગઢના કલેકટર મારફત સરકારમાં પહોંચાડવા માટે આપવામાં આવ્યું હતું. આ તકે બાટુકભાઈ મકવાણા, કારૂભાઈ કડીવાર, જીસાનભાઈ હાલેપૌત્રા, સમજુભાઈ સોલંકી, રમેશભાઈ પરમાર, દેવાયતભાઈ દેગામા, કુરજીભાઈ મકવાણા, હકાભાઈ ચાવડા, ખીમભાઈ ચાવડા, જેન્તીભાઈ પરમાર, રસીકભાઈ માવરીયા, રાકેશભાઈ મકવાણા, વિજય સોલંકી સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સરકારમાં માંગ કરી હતી કે, જૂનાગઢ તાલુકાના ઈવનગર ગામે કોળી સમાજ પછાત વર્ગના વડાઓની સમાધીઓને સરકારી રેકર્ડ ઉપર લેવા છેલ્લા ત્રણ વર્ષથી કલેકટરશ્રીને રજુઆત કરી છે છતાં આજ સુધી રેકર્ડ ઉપર લેવામાં આવી નથી તે બાબતે તાત્કાલિક કાર્યવાહી કરી ન્યાય આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# જગત મંદિર વિસ્તારમાં ડ્રોન કેમેરા વડે શૂટિંગ કરવા સબબ ભુજના ફોટોગ્રાફર સામે ફરિયાદ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દ્વારકાના વિશ્વવિખ્યાત જગત મંદિર વિસ્તારમાં ડ્રોન ઊડતું હોવા અંગેની માહિતી સ્થાનિક પોલીસને મળતા દ્વારકાધીશ મંદિર સુરક્ષા પોલીસ તથા સ્થાનિક પોલીસએ કાર્યવાહી કરી, ભુજના એક ફોટોગ્રાફર શખ્સને ઝડપી લઈ જાહેરનામા ભંગ કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો. દ્વારકાધીશ મંદિર ઉપર શનીવારે સાંજે ડ્રોન ઉડતું જોતા આ અંગે દેવસ્થાનન સમિતિના કર્મચારી વિગેરે દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જગત મંદિર આસપાસના વિસ્તારને "નો ફ્લાયિંગ રેડ ઝોન" અંગેનું જાહેરનામું હાલ અમલમાં છે, જેથી મંદિરની નજીક ૧૦૦ મીટરના વિસ્તારમાં ડ્રોન કે અન્ય કોઈ ક્રાફ્ટ ઉડાવવાની તંત્ર દ્વારા મનાઈ કરવામાં આવી છે. મંદિર સુરક્ષા વિભાગના ડીવાયએસપી સમીર સારડાના માર્ગદર્શન હેઠળ દ્વારકાના પી.આઈ. પી.એ. પરમાર તથા મંદિર પોલીસ સ્ટાફના એ.એસ.આઈ. એમ.એમ. રોસિયા તથા પરાગભાઈ ચૌહાણ તથા મહેશભાઈ અણીયારીયા વિગેરેએ તાકીદ કાર્યવાહી કરી, મંદિર નજીક ડ્રોન ઉડાવનાર કચ્છ જિલ્લાના ભુજ ખાતે રહેતા અને ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રણય હીમાંશુભાઈ જોષી નામના ૨૩ વર્ષના યુવાનની અટકાયત કરી, તેની પાસેથી હોય તેની પાસેથી ડ્રોન ઉડાવવાની પરવાનગી ન હોવા છતાં ડ્રોન ઉડાવીને લોકોનો જીવ જોખમમાં મૂકી, મંદિર આસપાસના વિસ્તારનું ગેરકાયદેસર રીતે શુટિંગ કરવામાં આવતું હોવાનું ખુલવા પામ્યું છે. આથી આ શખ્સ પાસેથી ડી.જી.આઈ. કંપનીનો રૂા.એક લાખની કિંમતનો ડ્રોન કેમેરો, રૂા.૧૫,૦૦૦ની કિંમતની ત્રણ નંગ બેટરી તેમજ રૂા.૨૦,૦૦૦ની કિંમતનું ડી.જી.આઈ. કંપનીનું રીમોટ, રૂા.૫,૦૦૦ની કિંમતના ચાર્જર સ્ટેન્ડ તથા સ્લોટ કર્યા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે મંદિર સુરક્ષા વિભાગના એ.એસ.આઈ. પરાગભાઈ ચૌહાણની ફરિયાદ ઉપરથી દ્વારકા પોલીસે ભુજના ફોટોગ્રાફર પ્રણવ હિમાંશુભાઈ જોશી સામે જાહેરનામા ભંગની કલમ ૧૮૮ ઉપરાંત ૨૮૭, ૩૩૬ તથા ઈન્ડીયન એરક્રાફ્ટ એક્ટની કલમ ૧૧ મુજબ ગુનો નોંધી, તેની અટકાયત કરી હતી.

# • રમઝાન મુબારક •




## ઈસ્લામ અને લોકતંત્ર

ઈસ્લામી રાષ્ટ્રનો પાયાનો સિદ્ધાંત કુર્આને લોકતંત્ર ઠેરવ્યો છે. પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ને સૂચન આપતાં ફરમાવ્યું, "મામલાઓમાં તેમના સાથે પરામર્શ કરવાનું રાખો, પછી જ્યારે તમારા સંકલ્પો કોઈ સંમતિ ઉપર સુદઢ થઈ જાય તો અલ્લાહ ઉપર ભરોસો કરો." (કુર્આન, ૪ : ૧૫૯)

લોકશાહીને મુસલમાનોનાં તમામ મામલાઓમાં બુનિયાદ ઠેરવવામાં આવી છે, "...અને તેમનાં મામલાઓ પરસ્પર વિચાર-વિમર્શથી ચાલે છે." (કુર્આન, ૨૫ : ૩૮)

લોકશાહીનાં પશ્ચિમ ઈતિહાસકારો એવું સાબિત કરે છે કે લોકશાહી તો પશ્ચિમનું પ્રદાન છે, તેમને એ નથી દેખાતું કે ઈસ્લામ એ પ્રથમ ધર્મ છે, જેણે લોકશાહી ધર્મનું અભિન્ન અંગ ઠેરવી છે, બલ્કે તેનાથી પણ આગળ વધીને તે લોકો એવું પુરવાર કરવા માંગે છે કે લોકશાહી અને ઈસ્લામ એક-બીજાથી વિપરીત છે. તે જીવન-વ્યવસ્થા, જે આસ્થા અને સંપ્રદાયનાં મતભેદને અલ્લાહની દૂરદર્શિતા અને તત્વદર્શિતા માને છે, જે તમામ કૃત્રિમ ભેદભાવોને નાબૂદ કરીને માનવતાને એક ઐક્યમાં લઈ આવે છે, જે તમામ મનુષ્યોનાં પ્રાણ અને પ્રતિષ્ઠાને સમાન રીતે આદરણીય ગણે છે અને જે માંત્ર સદ્-ચરિત્ર અને ઈશભયને બુલંદી અને ઉન્નતિનું માપદંડ કહે છે, તેને લોકશાહી માટે ખતરો ઠેરવવું, તે વાતને અનુચિત કહીશું કે હાસ્યાસ્પદ ! કે પછી હળાહળ જૂઠને પ્રસારિત કરવાની તેમની હિંમતને દાદ આપીશું!

ઈસ્લામમાં લોકશાહી અંગે સરોજિની નાયડુ કહે છે,

"આ પહેલો ધર્મ હતો, જેણે લોકશાહીની શિક્ષા આપી અને તેને એક વ્યવહારૂ રૂપ આપ્યું. ઉદાહરણાર્થ જ્યારે મિનારાઓ ઉપરથી અઝાન આપવામાં આવે છે અને બંદગી કરનારાઓ મસ્જિદમાં એકઠા થઈ જાય છે તો ઈસ્લામની લોકશાહી એક દિવસમાં પાંચ વખત સાકાર થાય છે, જ્યારે રંક અને રાજા એક-બીજાથી ખભેખભા મેળવીને ઊભા થાય છે અને પોકારે છે, અલ્લાહુ અકબર અર્થાત્ અલ્લાહ સૌથી મહાન છે." (મુહમ્મદ - ઈસ્લામ કે પયગંબર, લે. પ્રો. રામાકૃષ્ણારાવ) આ જ લેખક પોતાના આ જ પુસ્તકમાં લખે છે,

**રોઝા : ૫ મંગળવાર**

ઈસ્લામનાં પયગંબરે લોકતાંત્રિક શાસન પ્રણાલીને તેના ઉત્કૃષ્ટ રૂપમાં સ્થાપિત કરી. ખલીફા ઉમર અને ખલીફા અલી(જે પયગંબરનાં જમાઈ અને પિતરાઈ ભાઈ પણ હતાં), ખલીફા મન્સૂર, ખલીફા અબ્બાસ (ખલીફા મામૂનના પુત્ર) અને અન્ય બીજા ખલીફાઓ અને મુસ્લિમ સુલતાનોને એક સામાન્ય વ્યક્તિની જેમ ઈસ્લામી અદાલતોમાં ન્યાયાધીશ સમક્ષ રજૂ થવું પડ્યું.

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

જયાં જયાં નજર મારી પડે ત્યાં ફાટક સિવાય બીજી વાત નહી ...!

# જૂનાગઢ શહેરનાં સાત ફાટકથી જનતા ત્રાહિમામ

**ગુજરાત સરકારથી માંડી પ્રજાના પ્રતિનિધિઓ ફાટકલેસનું વચન આપે છે પરંતુ કયારે જૂનાગઢ ફાટક મુકત બનશે ?**










## જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, સાંસદ રાજેશ ચુડાસમા જૂનાગઢને ફાટક મુકત બનાવવા પુરૂષાર્થ ખેડે તે માટે જનતાની મીટ

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ શહેરમાં છેલ્લા ઘણા વર્ષો થયા સૌથી મુંઝવતો પ્રશ્ન હોય તો તે શહેરનાં સાત સહેલીયા સમાન રેલ્વે ફાટકનો છે. જોષીપરા ફાટકથી લઈ ગાંધીગ્રામ ફાટક સુધીનાં વિસ્તારમાં આવતા અનેક મુખ્ય માર્ગો તેમજ સોસાયટીઓ આવેલી છે અને અહીંથી લોકોને સતત પસાર થવું જ પડે. આ સાત સહેલી સમાન ફાટક ટ્રેન પસાર થતી વખતે કે આવતી વખતે રેલ્વે ફાટક બંધ કરવામાં આવતા હોય છે દિવસમાં આ પ્રક્રિયા અનેકવાર ચાલતી હોવાને કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સૌથી વધુ મુશ્કેલી જોષીપરા ફાટકની રહેલી છે. અહીંથી પસાર થતાં જ શૈક્ષણિક સંસ્થાઓ, રહેણાંક અને કોમર્શીયલ વિસ્તારો તેમજ અનુેક સોસાયટીઓમાં જવાનો આ રસ્તો હોય જયાં રેલ્વે સ્ટેશન તદ્દન પાસે હોય ત્યાં અવાર નવાર ટ્રેનની અવર-જવર ઉપરાંત માલગાડીની અવર-જવર, સર્ટીંગ જેવા કારણોસર દિવસ દરમ્યાન અનેકવાર ફાટક બંધ કરવામાં આવતા હોય છે. ઘણીવાર તો અચાનક ફાટક બંધ કરી દેવામાં આવે અને લોકો ૨૦ થી ૩૦ મીનીટ સુધી સ્ટેચ્યુ બની ગયા હોય અને ત્યારબાદ અચાનક ફાટક ખોલી નાખવામાં આવે. આવું તો અનેકવાર બને છે. આ ઉપરાંત ખામધ્રોળ ફાટક, જોષીપરા ફાટક, વૈભવ ફાટક, તળાવ દરવાજા ફાટક, ભૂતનાથ ફાટક, ગાંધીગ્રામ ફાટક અને પાદરીયા ફાટક સહિતનાં આ ફાટકની વણઝારમાં જૂનાગઢ શહેર આવેલું છે. અને આ ફાટકની સમસ્યા છેલ્લા ચાર દાયકા ઉપરાંતની છે. ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ફાટકલેસ કરવાની યોજના જારી કરી હતી અને આ યોજના ત્યાર પછીની સરકાર એટલે કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં શાસનકાળમાં પણ યથાવત રખાઈ છે પરંતુ હજુ સુધી આ અંગે કોઈ નક્કર અને આગળની કાર્યવાહી થઈ નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમ્યાન જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં લોકોનાં અનેક કામો કરવા માટેનો વિકાસગ્રાફ દર્શાવ્યો હતો જેમાં જૂનાગઢને ફાટક મુકત કરવાની પણ વાત કરી હતી. આજે લોકો અપેક્ષા રાખી રહયા છે કે, જૂનાગઢ શહેરમાં કાંટાળા તાજની માફક લટકી રહેલા આ રેલ્વે ફાટકની સમસ્યામાંથી કયારે છુટકારો મળશે. અને જૂનાગઢ શહેર કયારે ફાટક મુકત બનશે તેની રાહ જોઈ રહયા છે. ઉપરાંત ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તથા સાંસદ રાજેશભાઈ ચુડાસમા દ્વારા તત્કાલ કાર્યવાહી થાય તેવી લાગણી આમજનતા દર્શાવી રહી છે.

## જૂનાગઢ શહેરમાં પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી થશે

### દિવાળી, નૂતનવર્ષની જેમ ઘરે ઘરે રંગોળી પુરી અને શોભાયાત્રામાં વધુમાં વધુ ભુદેવ પરીવારોને જોડાવા આહવાન





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ સમસ્ત બ્રહ્મ યુવા સંગઠન દ્વારા પરશુરામ જન્મોત્સવની ભવ્ય રીતે ઉજવણી થઈ શકે તે માટે ગતરાત્રે રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન ગાંધીગ્રામ ખાતે બેઠક મળી હતી. જેમાં સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનનાં સંસ્થાપક જયદેશભાઈ જોષી, કાર્તિકભાઈ ઠાકર, કમલેશભાઈ ભરાડ, મહેશભાઈ શુકલા, પી.સી.ભટ્ટ, અશોકભાઈ પંડયા, અકીલાનાં પત્રકાર વિનુભાઈ જોષી, પુનિતભાઈ શર્મા, શૈલેષભાઈ દવે, અજયભાઈ વ્યાસ, આરતીબેન જોષી, ગીતાબેન જોષી, રૂપલબેન લખલાણી, ગાયત્રીબેન જાની, પ્રજ્ઞાબેન ભરાડ, મનીષાભાઈ ત્રિવેદી, શશીકાંતભાઈ બોરીસાગર તેમજ સંગઠનનાં તમામ ટ્રસ્ટીઓ, હોદેદારો, વોર્ડપ્રમુખો તમામ પેટા જ્ઞાતિનાં પ્રમુખો, મહિલા મંડળો સાથે અગત્યની મીટીંગ યોજાઈ હતી. જેમાં બ્રહ્મસમાજનાં આગેવાનોએ પરશુરામ જન્મોત્સવ અને દિવાળી, નૂતનવર્ષની જેમ ઘરે ઘરે રંગોળી પુરી અને શોભાયાત્રામાં વધુમાં વધુ ભુદેવ પરીવારોને જોડાવા આહવાન કરાયું હતું. અને હજારથી વધુ ભુદેવો ઉમટી પડે તે માટે આયોજન કરવામાં આવી રહયું છે. અને ભૂતનાથ મહાદેવ મંદિરનાં પાછળનાં ગ્રાઉન્ડમાં સમુહ ભોજનનું પણ આયોજન હાથ ધરાયું છે. કાર્યક્રમનાં અંતે રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ અને સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનનાં પ્રમુખ કમલેશભાઈ ભરાડ દ્વારા અલ્પાહાર રખાયો હતો.

## નાની મારડ નજીકથી વિદેશી દારૂ, કાર સહિત રૂા. ૯.૩૧ લાખનાં મુદામાલ સાથે એક ઝડપાયો



જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે બાતમીનાં આધારે વાડોદર તરફથી નાની મારડ તરફ આવતી ફોરવ્હીલ નં. જીજે-૧૩-એટી ૪૨૧૬ રોકી તલાસી લેતાં વિવિધ વિદેશી દારૂની બોટલો, રોકડ રૂા. ૪૬૪૦, મોબાઈલ ફોન-૨ મળી કુલ રૂા. ૯,૩૧,૪૨૦નો મુદામાલ કબ્જે કરી જયેશભાઈ ઉર્ફે જયલો મુળાસીયા (રહે. ધંધુસર)ની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે. જયારે આ બનાવમાં નામ ખુલનાર હમીર (ધંધુસર) અને દેવા સુંડાવદરા (ઝાંઝરડા રોડ), નરબત ઉર્ફે નબો ઓડેદરા અને ધીરેન કારીયાને ઝડપી લેવા ચક્રો ગતીમાન કરેલ છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાંચનાં ઈન્ચાર્જ પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી, ડી.કે. ઝાલા, વિજયભાઈ બડવા, ઈન્દ્રજીતસિંહા ઝાલા, આઝાદસિંહ સીસોદીયા, યશપાલસિંહ જાડેજા, ડાયાભાઈ કરમટા, કરશનભાઈ કરમટા, ભરતભાઈ સોનારા, મયુરભાઈ કોડીયાતર, મુકેશભાઈ કોડીયાતર વિગેરે જોડાયેલ હતાં.

## જૂનાગઢમાં આયશરમાંથી રૂા. ૨૫.૨૬ લાખનો દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે દોલતપરા નજીકથી આયશર ટ્રક નં. જીજે-૦૩-બીવાય ૧૫૬૪માંથી વિવિધ બ્રાંડની વિદેશી દારૂની મોટલ, આઈશર ટ્રક, મોબાઈલ મળી કુલ રૂા. ૨૫,૨૬,૬૦૦નો મુદામાલ કબ્જે કરી હીતેષ નરોતમભાઈ કારીયા (જોષીપરા), લખન મેરૂ ચાવડા, ધીરેન કારીયા અને આયશરનાં ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ કામગીરીમાં બી ડીવીઝનનાં પીઆઈ એન.એ. શાહ અલ્તાફભાઈ આરબ, વિપુલભાઈ રાઠોડ, ભનુભાઈ ખોડેદરા, કૈલાસભાઈ જોગીયા, જયેશભાઈ ભેડા, પ્રવિણભાઈ વાળા, દિનેશભાઈ જીલડીયા, જેઠાભાઈ કોડીયાતર, મુકેશભાઈ મકવાણા, પ્રવિણભાઈ બાબરીયા વિગેરે જોડાયેલ હતાં.



## જૂનાગઢમાં ભાગીદારી છુટી કરવાનાં નાણાંની ઉઘરાણી અંગે ત્રાસ અપાતો હોવાની ફરીયાદ

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢનાં નહેરૂપાર્ક સોસાયટીમાં રહેતા દિપકભાઈ કનુભાઈ ઠાકર (ઉ.વ.૬૦)એ રણમલભાઈ નાથાભાઈ કોડવાળા કલ્પેશભાઈ સંઘાણી સામે એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપી નં.૧નાઓને આ કામનાં ફરીયાદી પાસે ભાગીદારી છુટી કરવાના રૂા. ૧૧ લાખનાં લેણાંની રકમ નીકળતી હોય જે બાબતે ફરીયાદીને અવારનવાર પૈસાની ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ માનસીક ત્રાસ આપી ઉપરાંત આરોપી નં.૨એ પણ ધાક ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં છરી વડે હુમલો : ત્રણ સામે ફરીયાદ

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢનાં દોલતપરા, વણકર વાસ, ઈન્દ્રેશ્વર રોડ ખાતે રહેતા હાર્દિકભાઈ જગદીશભાઈ દાફડા (ઉ.વ.૧૯)એ અભિ ફરસાણીયા રહે. દોલતપરા, હિતુ રહે. જૂનાગઢ અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપી નં. ૩નાંએ ફરીયાદીને ડાબા હાથની આંગળીમાં છરીનો ચેકો મારેલ તેમજ આરોપી નં.૧ તથા આરોપી નં.૨એ ફરીયાદીનો તથા સાહેદ સાહીલ નરેશભાઈ પરમારને ઢીકાપાટુનો માર માર્યાની પોલીસ ફરીયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**હોલ વેચવાનો છે**

- ત્રીજો માળ
- ૧૪૦૦ કાર્પેટ

**કેશવ પ્લાઝા જોશીપુરા**

**દલાલભાઈઓ આવકાર્ય**
**૯૮૭૯૦ ૨૯૧૩૦**

**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અધતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.

**મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩**

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

**બીના ઈલેકટ્રોનિકસ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ. LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. સોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે**

અધતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

**મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫**